RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 21, Dt.05-04-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સતત ૭મી વખત રેપોરેટ ૬.૫૦ ટકા યથાવત રાખતી RBI




## લોન ઈએમઆઈ પર રાહત માટે હજુ રાહ જોવી પડશેઃ વ્યાજદર યથાવતઃ ફુગાવા સામે સતત સાવચેતીનું વલણ દર્શાવતા ગવર્નર શશિકાંત દાસઃ ચાલુ નાણાંકીય વર્ષમાં વિકાસ દર ૭ ટકા રહેવાનો અંદાજ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મધ્યસ્થ બેંકે તેની ફેબ્રુઆરીની નાણાકીય નીતિમાં,સતત છઠ્ઠી વખત રેપો રેટને ૬.૫૦ ટકા પર સ્થિર રાખ્યો હતો. આજે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિની પ્રથમ બેઠક યોજાઈ હતીં આમાં ઘણા મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. એવી અપેક્ષા હતી કે આરબીઆઈ ચૂંટણી પહેલા તેના નિર્ણયથી આશ્ચર્યચકિત થઈ શકે છે, પરંતુ આરબીઆઈએ સાતમી વખત રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. મતલબ કે તમને અત્યારે EMIમાં રાહત નહીં મળે.

આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૫ની પ્રથમ આરબીઆઈ નાણાકીય નીતિની બેઠકમાં રેપો રેટને સ્થિર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સેન્ટ્રલ બેંકે સતત ૭મી નાણાકીય નીતિ માટે રેપો રેટને ૬.૫૦ ટકા પર સ્થિર રાખ્યો છે. ગવર્નરે કહ્યું કે અમે અત્યારે રેપો રેટમાં કોઈ ફેરફાર નહીં કરવાનો નિર્ણય લીધો છે. આનો અર્થ એ છે કે તમને વર્તમાન EMIમાં રાહત નહીં મળે.

નાણાકીય વર્ષ ૨૦૨૫માં ભારતનો જીડીપી ૭ ટકા વધશે : આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતની અર્થવ્યવસ્થા ૭ ટકાની ઝડપે વળદ્ધિ પામશે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં જીડીપીની વાસ્તવિક વળદ્ધિ ૭.૧ ટકા, બીજા ક્વાર્ટરમાં ૬.૯ ટકા અને ત્રીજા-ચોથા ક્વાર્ટરમાં ૭ ટકા રહેવાનો અંદાજ છે.

આરબીઆઈ ગવર્નરે કહ્યું કે ખાદ્યપદાર્થોની કિંમતોમાં અનિશ્ચિતતાના કારણે ફુગાવો વધવાની સંભાવના છે. મોંઘવારી દરમાં વધારાને લઈને આરબીઆઈ સતર્ક છે. MSF દર ૬.૭૫% પર જાળવવામાં આવ્યો છે. RBI ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે MPCના છમાંથી પાંચ સભ્યો રેપો રેટ યથાવત રાખવાની તરફેણમાં હતા. દેશમાં ફુગાવાની સ્થિતિ હળવી થઈ હોવા છતાં પણ હજું આગામી સમયના ચોમાસા તથા વૈશ્વિક પરિબળો- ક્રુડતેલના ભાવમાં ફરી વધારો સહિતના કારણોસર રીઝર્વ બેન્કે વ્યાજદર યથાવત રાખવા નિર્ણય લીધો છે.

ત્રણ દિવસની રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાની દ્રીમાસીક મોનેટરી પોલીસી કમીટીની બેઠક બાદ આજે રીઝર્વ બેન્કના ગવર્નર શ્રી શશીકાંત દાસે પત્રકાર પરિષદમાં રેપોરેટ ૬.૫% યથાવત રાખવાની જાહેરાત કરી છે. દાસે જણાવ્યું હતું કે, દેશના અર્થતંત્રની પરીસ્થિતિ પર રિઝર્વ બેન્કની નજીકની નજર છે અને ફુગાવાનો દર ૪% સુધી મર્યાદીત રાખવાનો બેન્કનો લક્ષ્યાંક છે. રીઝર્વ બેન્કે નાણાકીય વર્ષ ૨૦૨૪/૨૫ માટે ૭%ના વિકાસ દરનો લક્ષ્ય રાખ્યો છે તથા જણાવ્યું હતું કે રીઝર્વ બેન્ક જયાં સુધી ફુગાવાને લાગે વળગે છે તો તેના ૪%ના ટાર્ગેટની નજીક પહોંચી રહ્યો છે પણ છેલ્લા સમયે પડકારની સ્થિતિ પણ સર્જાવાની ધારણા છે અને ફુગાવો હજુ ૪.૫%ના દર સુધી રહી શકે છે.''

# સુપ્રીમ કોર્ટે મદ્રેસામાં ભણતાં ૧૭ લાખ વિદ્યાર્થીઓને આપી મોટી રાહત

## મદ્રેસા એકટ ગેરબંધારણીય હોવાના હાઈકોર્ટના ચુકાદા પર લગાવી રોક

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



સુપ્રીમકોર્ટે ઉત્તરપ્રદેશના ૨૫ હજાર મદરેસામાં ભણતાં ૧૭ લાખ વિદ્યાર્થીઓને મોટી રાહત આપી હતી. કોર્ટે યુપી મદરેસા એક્ટ ૨૦૦૪ મામલે અલ્લાહાબાદ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદા પર સ્ટે આપી દીધો છે. મદરેસા સંચાલકો તરફથી દાખલ અરજી પર સુનાવણી કરતાં સુપ્રીમકોર્ટે આ ચુકાદો આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે અલ્લાહાબાદ હાઈકોર્ટે મદરેસા એક્ટને એમ કહેતા રદ કરી દીધો હતો કે તે ગેરબંધારણીય છે અને સેક્યુલારિઝમ વિરુદ્ધ છે. હવે આ મામલે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડી.વાય.ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળની ત્રણ જજોની બેન્ચે સ્ટે આપતાં કેન્દ્ર સરકાર તથા યુપી સરકારને નોટિસ ફટકારી જવાબ માગ્યો છે. હવે આ મામલે ૩૦ જૂન ૨૦૨૪ સુધીમાં જવાબ રજૂ કરવાનો રહેશે.

સુપ્રીમકોર્ટની ત્રણ જજોની બેન્ચે કહ્યું કે મદરેસા બોર્ડનો ઉદ્દેશ્ય નિયામક છે. અલ્લાહાબાદ હાઈકોર્ટનું એમ કહેવું પહેલી નજરે ઠીક નથી કે મદરેસા એજ્યુકેશન બોર્ડની રચના સેક્યુલારિઝમ વિરુદ્ધ છે. ઉલ્લેખનીય છે કે ગત અઠવાડિયે જ અલ્લાહાબાદ હાઈકોર્ટની લખનઉ બેન્ચે યુપી સરકારને આદેશ આપ્યો હતો કે તે મદરેસાના વિદ્યાર્થીઓને સામાન્ય સ્કૂલોમાં ટ્રાન્સફર કરે અને તેમનું નોમિનેશન કરાવે. અલ્લાહાબાદ હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે સરકાર પાસે એ સત્તા નથી કે તે ધાર્મિક શિક્ષણ માટે બોર્ડની રચના કરે. આ ઉપરાંત સરકાર સ્કૂલના શિક્ષણ માટે કોઈ એવા બોર્ડની રચના ન કરી શકે જે હેઠળ કોઈ ખાસ ધર્મ અને તેના મૂલ્યોનું શિક્ષણ અપાતું હોય. હાઈકોર્ટના આ ચુકાદાને મદરેસા અજિજિયા ઈજાજતુલ ઉલૂમના મેનેજર અંજુમ કાદરીએ સુપ્રીમકોર્ટમાં પડકાર્યો હતો.

યુપી મદરેસા બોર્ડ વતી સિનિયર એડવોકેટ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે હાઈકોર્ટને અધિકાર નથી કે તે એક્ટને રદ કરે. આ નિર્ણયથી રાજ્યમાં સંચાલિત ૨૫૦૦૦ મદરેસામાં ભણતાં ૧૭ લાખ વિદ્યાર્થીઓ પ્રભાવિત થયા છે. ૨૦૧૮માં યુપી સરકારના આદેશ મુજબ આ મદરેસામાં વિજ્ઞાન, પર્યાવરણ, મેથ એટલે કે ગણિત જેવા વિષય ભણાવાય છે.

# ગત મહિનામાં શાકાહારી થાળી ૭ ટકા મોંઘી થઈઃ ડુંગળીમાં ૪૦ ટકા, ટમેટામાં ૩૬ ટકા અને બટેટામાં ૨૨ ટકાનો ભાવ વધારો જવાબદાર

## ક્રિસિલ માર્કેટ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિસિસના માસિક 'રોટી રાઈસ રેટ' રિપોર્ટમાં થયો ખુલાસો

**મુખ્ય સમાચાર, મુંબઈ**



મોંઘવારીની અસર ઘરની થાળી પર પણ પડી રહી છે. માર્ચ મહિનામાં શાકાહારી થાળી વાર્ષિક ધોરણે સાત ટકા મોંઘી થઈ હતી અને તેનું મુખ્ય કારણ ડુંગળી, ટામેટા અને બટેટાના ભાવમાં વધારો છે.

ક્રિસિલ માર્કેટ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિસિસે તેના માસિક 'રોટી રાઈસ રેટ' રિપોર્ટમાં જણાવ્યું હતું કે ઓછી આવક અને નીચા બેઝ રેટને કારણે ડુંગળીના ભાવમાં ૪૦ ટકા, ટામેટાના ભાવમાં ૩૬ ટકા અને બટાકાના ભાવમાં ૨૨ ટકાનો વધારો થયો છે.

શાકાહારી થાળી રોટલી, શાક, ભાત, દાળ, દહીં અને સલાડ સાથે આવે છે. માર્ચમાં આ થાળીની કિંમત વધીને ૨૭.૩ રૂપિયા પ્રતિ થાળી થઈ હતી, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં ૨૫.૫ રૂપિયા હતી. જોકે, શાકાહારી થાળીની કિંમત ફેબ્રુઆરીમાં ૨૭.૪ રૂપિયાની સરખામણીએ માર્ચમાં ઘટી છે.

મરઘાંના ભાવમાં ઘટાડાને કારણે ગયા મહિને માંસાહારી થાળીની કિંમતમાં સાત ટકાનો ઘટાડો થયો હતો. માંસાહારી થાળીનો ભાવ ગયા મહિને ઘટીને રૂ. ૫૪.૯ થયો હતો જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ. ૫૯.૨ હતો. પરંતુ તેની કિંમત ફેબ્રુઆરીમાં ૫૪ રૂપિયા પ્રતિ પ્લેટ કરતા વધુ છે. બ્રોઈલર ચિકનના ભાવમાં ૧૬ ટકાના ઘટાડાને કારણે માંસાહારી થાળીની કિંમત વાર્ષિક ધોરણે ઘટી છે. માંસાહારી થાળીમાં બ્રોઈલરનું વજન ૫૦ ટકા હોય છે. જો કે, માર્ચમાં પવિત્ર રમઝાન મહિનાની શરૂઆત અને વધુ માંગને કારણે ફેબ્રુઆરીની સરખામણીએ બ્રોઈલરના ભાવમાં પાંચ ટકાનો વધારો થયો છે.

# માલભરાવાને ધ્યાનમાં રાખી દસ લાખ ટન ખાંડની નિકાસ છૂટ માટે માગણી

## વર્તમાન મોસમમાં સાકરનું નેટ ઉત્પાદન ૩૨૩ લાખ ટન રહેશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**



૨૦૨૩-૨૪ની મોસમના અંતે જંગી માલભરાવાની શક્યતાને ધ્યાનમાં રાખી ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિએશન (ઈસ્મા)એ વર્તમાન ખાંડ મોસમમાં દસ લાખ ખાંડની નિકાસ છૂટ આપવા સરકાર સમક્ષ રજુઆત કરી છે.

ગયા વર્ષની ખાંડ મોસમમાં માર્ચના અંત સુધીમાં ૩૦૦.૭૭ લાખ ટનની સામે વર્તમાન વર્ષની ખાંડ મોસમના માર્ચ સુધીમાં ૩૦૨.૨૦ લાખ ટન ખાંડ ઉત્પન્ન થયાનું ઈસ્માના એક નિવેદનમાં જણાવાયું હતું. ખાંડ મોસમ ઓકટોબરથી સપ્ટેમ્બર દરમિયાન ચાલે છે. ઘરઆંગણે ખાંડના ભાવને નિયંત્રણમાં રાખવા સરકારે હાલમાં ખાંડની નિકાસ પર અંકૂશ રાખ્યો છે.

માર્ચના મધ્યમાં ઈસ્માએ વર્તમાન મોસમ માટે ખાંડનો નેટ ઉત્પાદન અંદાજ ૩૨૩ લાખ ટનનો મૂક્યો છે. ૧૭ લાખ ટન ખાંડ ઈથેનોલના ઉત્પાદન માટે વાળવામાં આવશે. આ હકીકતને ધ્યાનમાં રાખી એક કરોડ ટન ખાંડની નિકાસ છૂટ આપવા સરકારને વિનંતી કરવામાં આવી હોવાનું ઈસ્માના સુત્રોએ જણાવ્યું હતું.

ગયા વર્ષની ખાંડ મોસમમાં નેટ ઉત્પાદન આંક ૩.૨૮ કરોડ ટન રહ્યો હતો. ઈથેનોલ માટે ૩૮ લાખ ટન ખાંડ પૂરી પાડવામાં આવી હતી. ૨૦૨૪નું ચોમાસુ સામાન્ય રહેવાનો અંદાજ છે તેને જોતા આગામી મોસમમાં પીલાણ કામગીરી પણ રાબેતા મુજબ જોવા મળવાની અપેક્ષા છે. દેશમાં ખાંડનો વાર્ષિક વપરાશ ૨.૫૦ કરોડ ટન જેટલો રહે છે.

# વિસ્તારા એરલાઈન્સમાં કટોકટીના કારણે અનેક રૂટના હવાઈ ભાડામાં ત્રણગણો વધારો

## બે દિવસમાં આ એરલાઈન્સની ૭૫ ફલાઈટસ કેન્સલ કરાઈઃ ટાટા ગ્રુપના ચેરમેનને લખાયો પત્ર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**




વિસ્તારામાં કટોકટીના કારણે ગુરુવારે અનેક રૂટ ના હવાઈ ભાડા માં ત્રણ ગણો વધારો થયો છે. જોકે, એરપોર્ટના ઓથોરીટી મુજબ શુક્રવારથી ભાડા સામાન્ય થઈ જવાની શક્યતા છે.

વિમાની કંપની વિસ્તારાના કેટલાક પાઈલોટ નવા પગાર માળખા સહિતની અનેક માંગણીઓને લઈને સામૂહિક રજા પર ઉતરી ગયા છે. જેના કારણે છેલ્લા બે દિવસમાં વિસ્તારાની ૭૫ જેટલી ફ્લાઈટ્સ કેન્સલ કરવી પડી હતી. જેના કારણે અનેક રૂટ પર પેસેન્જર ભાડા બમણાથી પણ વધી ગયા છે.

દિલ્હીથી લખનૌ, દિલ્હીથી કોલકાતા, દિલ્હીથી ગોવા અને દિલ્હીથી હૈદરાબાદ વચ્ચે મુસાફરી કરતા મુસાફરોને ગુરુવારે બમણાથી વધુ ભાડું ચૂકવવું પડ્યું હતું. જોકે, દિલ્હી-બેંગ્લોર અને દિલ્હી-ચેન્નઈ જેવા રૂટના ભાડામાં કોઈ ખાસ તફાવત જોવા મળ્યો નથી. મળતી માહિતી મુજબ વિસ્તારાની ફ્લાઈટ્સ કેન્સલ થવાને કારણે અમુક ચોક્કસ રૂટ પર ભાડામાં વધારો થયો છે.

દિલ્હી એરપોર્ટના સૂત્રોનું કહેવું છે કે, વિસ્તારા રદ થવાને કારણે ફ્લાઈટની સંખ્યા હવે ઘટી રહી છે. જેના કારણે શુક્રવારથી ફ્લાઈટ્સ સામાન્ય થઈ જવાની શક્યતા છે. આ પછી, જે રૂટ પર ભાડામાં વધારો થયો છે તેના ભાડા સામાન્ય થઈ જશે તેવી આશા છે. ગુરુવારે પાઈલોટ્સના બે જૂથોએ જણાવ્યું હતું કે વિસ્તારાના પાઈલોટ્સ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ એરલાઇન કંપનીનો મુદ્દો નથી પરંતુ ટાટા જૂથના તમામ ઉડ્ડયન એકમોમાં પ્રણાલીગત મુદ્દો છે. ઈન્ડિયન કોમર્શિયલ પાઈલટ્સ એસોસિએશન અને ઈન્ડિયન પાઈલટ્સ ગિલ્ડે ટાટા ગ્રુપના ચેરમેન એન ચંદ્રશેકરનને લખેલા પત્રમાં ગ્રુપને પાઈલટ્સ સાથે અર્થપૂર્ણ વાતચીત કરવા વિનંતી કરી હતી.

# દેશની IIT સંસ્થાઓના ૪૦% વિદ્યાર્થી બેરોજગાર, કરોડનું પેકેજ ત્રણ લાખે પહોંચી ગયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**




ગ્લોબલ આઈઆઈટી એલ્યુમની સપોર્ટ ગ્રૂપના ધીરજ સિંહે દેશની ટોચની આઈઆઈટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની નોકરી અંગેનો મહત્વનો ડેટા શેર કર્યો છે. તેમાં જણાવ્યા મુજબ વિવિધ આઈઆઈટીઓમાં પ્લેસમેન્ટનો પ્રથમ તબક્કો સમાપ્ત થઈ ગયો છે, જોકે હજુ સુધી ૩૫થી ૪૦ ટકા વિદ્યાર્થીઓને નોકરી મળી નથી.

અગાઉ આઈઆઈટીના વિદ્યાર્થીઓને કરોડોની ઓફરો મળતી હતી, જોકે ડેટામાં એમ જણાવાયું છે કે, વિવિધ આઈઆઈટી સંસ્થાઓમાં આ વર્ષે ચાલતા પ્લેસમેન્ટ હેઠળ વિદ્યાર્થીઓને માત્ર વાર્ષિક ત્રણથી ચાર લાખનું જ પેકેજ મળી રહ્યું છે. ધીરજ સિંહે કહ્યું કે, એકતરફ દેશમાં અબજોપતિઓની સંખ્યા વધી રહી છે, તો બીજી તરફ પેકેજ આપવામાં ઘટાડો થયો છે, જેના કારણે આઈઆઈટીના વિદ્યાર્થીઓ નિરાશ થયા છે. આ ઉપરાંત દેશના ટોચના યુવા પ્રતિભાઓ માટે પણ આ ખૂબ જ નિરાશાજનક સ્થિતિ છે.

તેમણે કહ્યું કે, દેશની નંબર-૧ આઈઆઈટી મદ્રાસમાં ૯૦૦ વિદ્યાર્થીઓ નોકરીની રાહ જોઈ રહ્યા છે, જ્યારે બીજા નંબરની આઈઆઈટી દિલ્હીમાં પ્લેસમેન્ટ હેઠળ રજીસ્ટર્ડ થયેલા ૨૦૦૦ વિદ્યાર્થીઓમાંથી ૯૦૦, ત્રીજા નંબરની આઈઆઈટી બોમ્બેમાં રજીસ્ટર્ડ થયેલા ૨૪૦૦માંથી ૧૩૦૦ વિદ્યાર્થીઓ હજુ પણ બેરોજગાર છે. ડેટા મુજબ દેશમાં ચોથા ક્રમાંકની આઈઆઈટી કાનપુરમાં ૫૦૦ વિદ્યાર્થીઓ અને પાંચમાં ક્રમાંકની આઈઆઈટી ખડગપુરમાં ૧૩૮૫ વિદ્યાર્થીઓ નોકરીની રાહ જોઈ રહ્યા છે. જ્યારે આઈઆઈટી ઈન્દોરના ૪૯ ટકા વિદ્યાર્થીઓ, આઈઆઈટી પટણાના ૪૧ ટકા અને આઈઆઈટી ભિલાઈના ૬૩ ટકા વિદ્યાર્થીઓ હજુ પણ બેરોજગાર છે.

આઈઆઈટી બોમ્બેમાં કોમ્પ્યુટર વિજ્ઞાન અને એન્જિનિયરિંગ બ્રાન્ચની સૌથી વધુ માંગ છે અને દર વર્ષે બ્રાન્ચના વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા પ્લેસમેન્ટ મળે છે, જોકે આ વર્ષે ૩૬ ટકા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળ્યું નથી. આઈઆઈટી બોમ્બેમાં ગત વર્ષે પ્લેસમેન્ટ હેઠળ કુલ ૨૨૦૯ વિદ્યાર્થીઓ રજીસ્ટર્ડ થયા હતા, જેમાંથી ૧૪૮૫ વિદ્યાર્થીઓનો નોકરી મળી શકી હતી. ઉલ્લેખનીય છે કે, હાલ દેશમાં આઈઆઈટી હેઠળની ઘણી સંસ્થાઓમાં પ્લેસમેન્ટની પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં દેશ-વિદેશની જાણીતી કંપનીઓ ભાગ લઈ રહી છે. આ ઉપરાંત પ્લેસમેન્ટની પ્રક્રિયા મે-૨૦૨૪ સુધી ચાલુ છે, તેથી આશા છે કે, અન્ય વિદ્યાર્થીઓને પણ નોકરીની ઓફર મળી જશે.

# ઘર મોંઘાં, ઈએમઆઈ વધુ છતાં એક વર્ષમાં હોમ લોન લેનારા ૩૪% વધ્યા

**મુખ્ય સમાચાર, મુંબઈ**



કોરોનાકાળ પૂરો થયા પછીથી શરૂ થયેલી પોતાના ઘરની ઇચ્છા હવે નવા સ્તરે પહોંચી ગઈ છે. ઘર મોંઘું હોય, લોન અઘરી હોય કે ઇએમઆઇ વધુ હોય છતાં પણ ગ્રાહકો પર તેની અસરો ઓછી જોવા મળી રહી છે. બેન્ક ઓફ બરોડાના તાજેતરના બેન્ક ક્રેડિટ રિપોર્ટ દ્વારા આ નવો ટ્રેન્ડ સમજી શકાશે.

રિપોર્ટ અનુસાર દેશમાં માર્ચ ૨૦૨૨થી ડિસેમ્બર, ૨૦૨૩ વચ્ચે તમામ પ્રકારની લોન સરેરાશ ૧.૨૮% સુધી મોંઘી થઈ છે. તેમાં પણ હોમ લોન સૌથી વધુ ૧.૭૨% મોંઘી થઈ છે. તેને પગલે ૫૦ લાખ સુધીની હોમ લોનનો ઇએમઆઇ માસિક રૂ. ૫૨૦૦ વધી ગયો છે.

આમ છતાં ગત એક વર્ષમાં હોમ લોન લેનારા ૩૪% વધ્યા છે. સરકારી બેન્ક એફોર્ડેબલ હાઉસ તો ખાનગી કે વિદેશી બેન્ક હાઇએન્ડ રિયલ એસ્ટેટ માટે વધુ લોન આપી રહી છે. સરકારી બેન્કોએ એક વર્ષમાં ૫૦ લાખ રૂપિયાથી ઓછાની ૪૨% લોન આપી જ્યારે ખાનગી-વિદેશી બેન્કોએ ૧૦ કરોડ સુધીની ૬૯% હોમ લોન આપી છે.


અહેવાલ પ્રમાણે સરકારી બેન્કોના ૧૦૦ કરોડથી વધુની ૩૧% લોન આપી. રોકાણ માટે આગળ આવનારા ઉદ્યોગોને આ લોન અપાઈ. ખાનગી બેન્કોએ ઉદ્યોગોને માત્ર ૧૭% જ લોન આપી.

રિઝર્વ બેન્કના અહેવાલ પ્રમાણે ગત વર્ષે બેન્કોએ કુલ રૂ.૧૩૬ લાખ કરોડની લોન આપી હતી. આ વખતે આ આંકડો વધીને રૂ. ૧૫૮.૧૬ લાખ કરોડ થયો છે. મહત્ત્વની વાત એ છે કે ઘરની માંગ ૩૪.૯% તો મોંઘાં ઘરોની ૫૭% રહી છે. સરકારી બેન્કે ૯૦% લોન ૧૧%થી ઓછા વ્યાજદરે તો ખાનગી બેન્કોએ ૮થી ૧૩%ના દરે આપી.

# જામનગરમાં ચાની હોટલમાંથી બે બાળ મજૂરોને મુકત કરાવતી પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાં બાળમજુરી કરવતા હોવાનું સામે આવતા સબંધીત વિભાગ દોડી ગયો હતો. જ્યા એક ચાની હોટલમાં સગીરવયના બાળકો કામ કરતા હોવાનું બહાર આવતા બે બાળકોને મુક્ત કરાવ્યા છે.



જામનગરમાં ખોડીયાર કોલોની નજીક મેહુલ નગર રોડ પર આવેલી કાનો માલધારી ટી સ્ટોલમાં નાના બાળકોને કામે રાખીને બાળમજૂરી કરાવી બાળકોનું શારીરિક તેમજ આર્થિક શોષણ કરવામાં આવે છે. જે દરોડા દરમિયાન ૧૬ વર્ષથી નાની વયના બે સગીર બાળકો કામ કરી રહેલા મળી આવ્યા હતા. જેથી પોલીસ ટીમે બંને બાળકોના વાલીને સ્થળ પર બોલાવી લીધા હતા, અને તેઓનો કબજો વાલીને સોંપી દઇ ફરીથી બાળકોને કામે નહીં મોકલવા સૂચન કર્યું હતું.ઉપરાંત હોટલના સંચાલક નિલેશ નથુભાઈ માડીયા સામે જુવેનાઇલ જસ્ટિસ એક્ટ ૨૦૧૫ની કલમ ૭૯ મુજબ કાર્યવાહી કરી તેની અટકાયત કરાઇ હતી.

# જામનગરમાં ખેડૂતના ઘરમાં ખાતર પાડતા તસ્કરો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં તસ્કરોનો તરખાટ આજે પણ યથાવત રહ્યો છે. દિવસેને દિવસે ચોરીની નત નવી ઘટનાઓ સામે આવી રહી છે. તેવામાં ગુરુવારે હાપા માર્કેટિંગ યાર્ડ નજીક રહેતા ખેડૂતના મકાનમાં તસ્કરોએ ખાતર પાડયુ હોવાનું સામે આવ્યું છે. જેને લઈને પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે તપાસના ચક્રગતિમાન કર્યા છે.સિટી એ ડિવિઝન પોલીસ મથકેથી ચોરીના આ બનાવની જાણવા મળતી વિગત અનુસાર એક દિવસ



અગાઉ ફર્નિચરના શોરૂમને નિશાન બનાવ્યા બાદ આ વખતે તસ્કરોએ ખેડૂતના ઘરને નિશાન બનાવ્યું છે. હાપા માર્કેટીંગ યાર્ડ નજીક રહેતાં ધર્મેશભાઈ દેવશીભાઈ ચૌહાણ નામના ખેડૂતની ફરિયાદ અનુસાર કોઈ અજાણ્યો ચોરે તેમના ઘરમાં દરવાજાનો લોક તોડી ગેરકાયદેસર રીતે પ્રવેશ કર્યો હતો. ચોરે ઘરમાં ખાખા-ખોળા કરી કુલ આઠ તોલા જેટલા સોનાની ચોરી કરી હતી. જેમાં ધર્મેશભાઈના બાપદાદાના વખતનો રૂ. ૩૭,૫૦૦ ની કિંમતનો જૂનો સોનાન એક હાર અને રૂ. ૫૦૦૦ ની કિંમતની બે તોલાની લકી રૂ. ૫૦,૦૦૦ ની કિંમતની બે નંગ સોનાની ધંગડી, રૂ. ૧૨,૫૦૦ ની કિંમતની બે નંગ સોનાની વિંટી, રૂ.૪૦,૦૦૦ ની કિંમતનો એક તોલા સોનાનો ચેઈન, રૂ. ૨૦,૦૦૦ ની કિંમતનું અડધા તોલાનું સોનાનું પેંડલ એક કુલ રૂ. ૨,૧૦,૦૦૦ ની કિંમતના દાગીના ચોરી થયાનું હોવાનું કરિયાદમાં જણાવ્યું હતું.ધર્મેશભાઇની ફરિયાદ બાદ પોલીસ કાફલો ચોરીના બનાવ સ્થળે દોડી ગયો હતો. પોલીસે આજુબાજુના સીસીટીવી ફટેજની મદદ લઈ અજાણ્યા તસ્કરને ઝડપીં લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબીમાં વાહન ચોરીના ગુનામાં પાંચ વર્ષથી ફરાર આરોપીને બનાસકાંઠા જીલ્લામાંથી દબોચી લેવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા ટંકારા પોલીસ મથકના બોલેરો ચોરીના ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતા ફરતા આરોપીને બનાસકાંઠા જીલ્લાના દાંતા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઝડપી હસ્તગત કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવા ટંકારા પોલીસ મથકમાં સોંપવા તજવીજ હાથ ધરાઈ છે.



મોરબી એલસીબી/પેરોલ ફર્લો સ્ક્વોડને ખાનગીરાહે હકિકત મળેલ કે, ટંકારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ વર્ષ ૨૦૧૯માં બોલેરો વાહન ચોરીના ગુનાનો નાસતો ફરતો આરોપી મૂળ રાજસ્થાનનો રહેવાસી અર્જુનસિંહ ગુલાબસિંહ રાજપુત હાલ બનાસકાંઠા જીલ્લાના દાંતા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ વાઘડાચા ગામની સીમમાં ચેક ડેમ બનાવવાની કન્ટ્રકશન સાઇડ ચાલતી હોય ત્યા હોવાની ચોકકસ હકિકત મળતા જે મળેલ હકિકતના સ્થળે જઈ તપાસ કરતા આરોપી અર્જુનસિંહ ગુલાબસિંહ ખોજરાજસિંહ સોઢા ઉવ.૨૮ રહે. ડેડુસર તા.ચોહટન જી.બાડમેર (રાજસ્થાન) વાળો મળી આવતા આરોપીને હસ્તગત કરી પેરોલ ફર્લો સ્કોડ, મોરબીની કચેરી ખાતે લાવી આગળની કાર્યવાહી અર્થે ટંકારા પોલીસ મથકમાં સોપવા કાર્યવાહી હાથ ધરેલ છે.

# જામનગરના વેપારીના ક્રેડીટ કાર્ડનું એક્સેસ મેળવી અમદાવાદના શખ્સે ૫૦ હજારની ઠગાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એક વેપારીના ક્રેડીટ કાર્ડનું એક્સેસ મેળવી અમદાવાદના શખ્સે ૫૦ હજારની ઓનલાઈન ખરીદી કર્યાની પોલીસ ફરિયાદ નોંધાયા બાદ પોલીસે આ શખ્સને અમદાવાદથી પકડી પાડી તેની પૂછપરછ શરૂ કરી છે.જામનગરના એક આસામી પાસે રહેલા



ક્રેડીટ કાર્ડની વિગત કોઈ રીતે મેળવી લઈ અજાણ્યા વ્યક્તિએ તેના પરથી સીવીવી, પીન નંબર અને ઓટીપી લઈ એક્સેસ મેળવી લીધુ હતું અને તે પછી ક્રેડીટ કાર્ડ પરથી ઓનલાઈન ખરીદી કરી લીધી હતી.આ બાબતની જામનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. સર્વેલન્સ દરમિયાન મોબાઈલ નંબરનું લોકેશન અમદાવાદના કિશનપુર પાસે રોહિદાસ સોસાયટીમાં મળી આવતા જામનગરથી દોડી ગયેલી સાયબર ક્રાઈમની ટૂકડીએ ત્યાંથી હર્ષવર્ધન અશોકભાઈ પરમાર નામના ત્રેવીસ વર્ષના વિદ્યાર્થીની અટક કરી હતી.જામનગર ખસેડી આ શખ્સની પૂછપરછ કરાતા તેણે નગરના એક આસામીના ક્રેડીટ કાર્ડ પરથી.રૂ.૫૦,૦૦૦ની ઈલેક્ટ્રીક આઈટમની ખરીદી કરી હોવાની કબૂલાત કરી છે.હર્ષવર્ધને કાર્ડીંગ ટેકનિકનો ઉપયોગ કરી વાઉચર મેળવી લીધા પછી તેના પરથી અડધા લાખની વસ્તુ ખરીદી હોવાનું ખૂલ્યું છે.

# જામનગર ખાતે ક્ષત્રિય સમાજની બહેનોએ મોટી સંખ્યામાં એકત્ર થઇ અને રૂપાલા સામે વિરોધ નોંધાવ્યો







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ક્ષત્રિય સમાજની બહેનોએ રૂપાલાની ટીકીટ રદ કરોના લગાવ્યા નારા .. રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરષોતમ રૂપાલાએ કરેલ વિવાદાસ્પદ ટીપ્પણીને મામલે આજે જામનગર ખાતે ક્ષત્રિય સમાજની બહેનોએ મોટી સંખ્યામાં એકત્ર થઇ અને રૂપાલા સામે વિરોધ નોંધાવ્યો જામનગર કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવ્યા.રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાની ક્ષત્રિય સમાજ સામેની ટિપ્પણીને લઈને સમગ્ર રાજ્યમાં ક્ષત્રિય સમાજમાં રોષ ફેલાયો છે. રૂપાલાએ બેવાર માફી માગી હોવા છતાં તેમની ટિકિટ રદ કરવા રાજ્યભરમાં રાજપૂત સમાજ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરે છે. દરેક નાનાં-મોટાં શહેરોમાં ક્ષત્રિય સમાજ રૂપાલાની ટિકિટ રદ કરવા આવેદનપત્ર આપે છે, ત્યારે આજે જામનગરમાં બહોળી સંખ્યામાં ક્ષત્રિય સમાજની મહિલાઓ ભેગી થઈ હતી અને કલેક્ટરને રજૂઆત કરી ઉગ્ર વિરોધપ્રદર્શન સાથે 'આ અહંકારી સરકારને દેખાડીશું..' એવા શપથ લીધા હતા. આ વિરોધ પ્રદર્શનમાં ક્રિકેટર રવીન્દ્ર જાડેજાનાં બહેન નયનાબાએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે અમે ઘણો સમય બગાડ્યો છે, પણ એવું લાગી રહ્યું છે કે ભાજપને રાજપૂત સમાજની કોઈ જરૂર નથી. બસ, હવે બહુ સમય આપી દીધો..મા ભગવતીના સોગંદ... હવે ભાજપ વિરુદ્ધ વોટિંગ થશે..નયનાબાએ જણાવ્યું હતું કે રૂપાલાની ટિકિટ રદ કરવાનો મુદ્દો ઘણા સમયથી ચાલી રહ્યો છે. ગામડે ગામડે વિરોધ થઇ રહ્યો છે. અલગ અલગ શહેરોમાં આવેદનપત્ર આપવામાં આવ્યાં છે. અમે પણ આજે રજૂઆત કરી છે કે અમે ઘણો સમય બગાડ્યો છે, પણ એવું લાગી રહ્યું છે કે ભાજપને રાજપૂત સમાજની કોઈ જરૂર નથી. આજે અમે મા ભગવતીના સોગંદ ખાધા છે કે અમે ભાજપના વિરુદ્ધમાં વોટિંગ કરીશું. ગામેગામ ક્ષત્રિયાણીઓએ સોગંદ ખાધા છે કે ભાજપ વિરુદ્ધમાં વોટિંગ કરીશું. જો રૂપાલાને ખસેડી લેવામાં આવે તો અમે આંદોલન બંધ કરી દઇશું. અમારા અગ્રણીઓએ કહ્યું હતું કે ભાજપથી વાંધો નથી, તો ભાજપ કઇ નિદ્રામાં છે? કાલે જ અમારા અગ્રણીએ કહ્યું હતું કે તમે ૪૦૦ માગો છો, અમે ૪૪૦ અપાવીશું, પણ તમે રૂપાલાની ટિકિટ રદ કરો, પરંતુ ભાજપ તરફથી હજી કોઇ પગલાં નથી લેવાયાં. જો ટિકિટ રદ થશે તો જ આ આંદોલન સમેટાશે, બાકી નહીં અમારી મા શક્તિ, મા આશાપુરા, મા ખોડિયાર, મા ચામુંડા અને મા ભવાનીના સોગંદ ખાઇને માતાજીની સાક્ષીએ પ્રતિજ્ઞા કરીએ છીએ કે આ અહંકારી સરકારને અમે દેખાડી દઇશું કે અમે રાજપૂત છીએ. અમે ધારીએ તો ગમે એ કરીએ, ક્ષત્રિયો અને સર્પના દુશ્મનનું આયુષ્ય હંમેશા ટૂંકું હોય છે.

# સુરેન્દ્રનગર લોકસભા ચૂંટણીમાં માટે કોંગ્રેસ પક્ષે ઋત્વિકભાઇ મકવાણાને આપી ટિકીટ

## સુરેન્દ્રનગર બેઠક પર પીઢ રાજકીય મકવાણા પરિવારના ઉમેદવાર જાહેર થયા

**મુખ્ય સમાચાર, મોહસીનખાન પઠાણ**

સુરેન્દ્રનગર લોકસભા ચૂંટણી-૨૦૨૪ માટે લાંબી રાહ જોવાય બાદ કોંગ્રેસ પક્ષ દ્વારા ૬૩-ચોટીલા વિધાનસભાના ભૂતપૂર્વ ધારાસભ્ય તેમજ પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઋત્વિકભાઈ મકવાણા ને ટિકિટ જાહેર કરી છે. ઉલ્લેખનીય

છે કે ભારતીય જનતા પાર્ટી દ્વારા મોરબી જિલ્લાના ચંદુભાઈ શિહોરાને



ટિકિટ આપતા આ ચૂંટણી તળપદા કોળી સમાજ નારાજ થયો હતો. ત્યારે ભાજપ પક્ષના જ કાર્યકરોમાં અંદરો અંદર વિરોધનો શુર ચાલી રહ્યો છે ત્યારે કોંગ્રેસે સ્વાતંત્ર સેનાની અને પાંચાળ પંથકના ગાંધીની છાપ ધરાવતા કરમશીભાઈ મકવાણાના પૌત્ર ભૂતપૂર્વ ધારાસભ્ય ઋત્વિકભાઇ મકવાણા ને ટિકિટ ની જાહેરાત કરતા તળપદા કોળી સમાજમાં આનંદની લાગણી છવાઈ છે. હવે આ ચૂંટણી ચુંવાળીયા કોળી વર્સીસ તળપદા કોળી થઈ જાય તો ના નહિ. હાલ તો બંને પક્ષો જીતના દાવપેચ લગાડી રહ્યા છે.

# ઉપલેટામાં રાજપૂત સંકલન સમિતિ દ્વારા પરષોત્તમ રૂપાલાના વિરોધમાં સુત્રોચ્ચાર સાથે મામલતદારને આવેદનપત્ર પાઠવાયું

## ભાજપના રાજકોટ બેઠકના સંસદ પરષોતમ રૂપાલાની ઉમેદવારી રદ કરવાની માંગ સાથે રાજપૂતો થયા એકત્રિત

**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

ઉપલેટામાં રાજપૂત સંકલન સમિતિ દ્વારા પરષોતમ રૂપાલા વિરુધ્ધ કાયદાકીય પગલા લેવા તેમજ તેમનું આચાર સંહિતા ભંગ કરવા બદલ ઉમેદવારી રદ કરવા બાબતની માંગ સાથે ઉપલેટા રાજપૂત સંકલન સમિતિ દ્વારા સૂત્રોચાર સાથે ઉપલેટામાં મામલતદારને આવેદનપત્ર પાઠવાયું છે અને આ બાબતની અસર દેશમાં પણ થસે તેવું રાજપૂત સમાજના આગેવાન દ્વારા જણાવાયું છે.





ઉપલેટામાં રાજપૂત સંકલન સમિતિ દ્વારા પાઠવેલ આવેદનપત્રમાં જણાવાયું છે કે, રાજકોટ લોકસભા - ૨૦૨૪ ની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર પરષોતમ રૂપાલા દ્વારા એક કાર્યક્રમ દરમ્યાન સમસ્ત રાજા રજવાડા વિશે કોમી ધાર્મિક લાગણી દુભાય અને સુલેહ શાંતિનો ભંગ થાય તે પ્રકારના પ્રવચનો કરેલ, જેનો વિડિયો સોશ્યલ મીડિયામાં ફરી રહ્યો છે તે વિડિયોમાં બે કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાય તેવી ભાષાનો ઉપયોગ કરેલ છે તેમજ રાજપૂતોના ઈતિહાસને ખોટી રીતે વર્ણવેલ છે જેનાથી રાજ્યમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

ક્ષત્રિય ગિરાસદાર સમાજ વિશે અપમાનજનક ટીપ્પણી કરેલ છે જેના લીધે સમગ્ર રાજપૂત ક્ષત્રિય સમાજમાં પરષોતમ રૂપાલા પ્રત્યે રોષની લાગણી ફેલાઈ ગયેલ છે જેથી ઉપલેટા તાલુકાના તમામ રાજપૂત ક્ષત્રિય સમાજના સંગઠનો વતી ઉપલેટા મામલતદાર મારફત ચૂંટણી પંચ સમક્ષ ઉપરોક્ત બાબતની સંપૂર્ણ તપાસ કરવામાં આવે અને આ બાબતે જવાબદાર એવા પરષોતમ રૂપાલાની રાજકોટ બેઠકની લોકસભા - ૨૦૨૪ ના ઉમેદવાર તરીકેની તેમની ઉમેદવારી રદ કરવામાં આવે તેવી સમસ્ત ઉપલેટા તાલુકા રાજપૂત સંકલન સમિતિની લાગણી તથા માંગણી કરી છે.

આ અંગે ઉપલેટા રાજપૂત સમાજના ઉપપ્રમુખ જયદેવસિંહ વાળાએ જણાવ્યું છે કે, રાજપૂત સમાજ સાથે અન્યાય થયો છે. પરસોતમ રૂપાલા એક સભાની અંદર તમારા ક્ષત્રિય સમાજનો ઉજવ ઈતિહાસ હોય તેમને કલંકિત કરવા માટે એવા શબ્દો કાઢ્યા છે જે બાબતે અમારી માંગ છે કે પરસોત્તમ રૂપાલાની દાવેદારી રદ થાય. આ બાબતમાં કોઈ અન્ય જ્ઞાતિનો અમો કોઈ વિરોધ કરતા નથી. રાજપુત સમાજનો એટલો ઉજળો ઈતિહાસ છે કે તેમને પોતાના રજવાડાઓ પણ આપી દીધા છે તો આ અમારા માટે કાંઈ મોટી વાત નથી. રાજપૂત સમાજની બહેનો દીકરીઓની ઈજ્જત, માન, મર્યાદા અમારે વધારે હોય છે કારણ કે અમે સૌ કોઈ લોકો એમના થકી ઉજળા છીએ ત્યારે તેમનું અપમાન અમે જરા પણ સહન કરી લઈએ નહીં. અમે એવું વિચારીએ છીએ કે આ સરકાર ભારતની અંદર એક રૂપાલા માટે જ ચાલતી હોય તેમ આજ છેલ્લા ૧૫ દિવસ થયા સમાજ લડતર આપે છે ત્યારે તેમનો કોઈ ન્યાય નથી આપતા અને તેમની દાવેદારી અડગ રાખવા માટેના સરકાર પ્રયત્ન કરે છે ત્યારે રાજપૂત સમાજની વાત કરીએ તો ભારતમાં ૨૨ કરોડ જેટલા રાજપુતો છે ત્યારે આનો પડકો દરેક રાજ્યની અંદર પડવાનો છે અને ભાજપ સરકારની જ્યાં સીટો આવેલી છે ત્યાં તેમની અસર થશે અને કાયમી માટે ક્ષત્રિયો કાયમી માટે વિરોધમાં રહેશે તેવું જણાવ્યું છે.

પરસોત્તમ રૂપાલાના વિવાદિત નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં ખાસ કરીને મહિલાઓની અંદર રોષ વધુ વકર્યો હોવાનું સામે આવ્યું છે ત્યારે આ રોશને લઈને રાજપૂત સમાજના આગેવાનો અગ્રણીઓ તેમજ મહિલાઓ વિરોધ કરી પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યા છે અને આ વિરોધ શાંત પાડવા માટે બેઠકો તેમજ સંમેલનો પણ યોજવામાં આવ્યા હતા પરંતુ આ સંમેલનો નિષ્ફળ ગયા હોય અને મામલો થાળે ન પડતો હોય તેવી પણ બાબતો સામે આવી રહી છે. આ બાબતની અંદર રાજપૂત સમાજના આગેવાનો અગ્રણીઓ તેમજ ગ્રામ્ય વિસ્તારોની અંદર વિરોધના વંટોળો વકરી રહ્યા હોવાનું સામે આવી રહ્યું છે જેમાં ગ્રામ્ય વિસ્તારની અંદર ભાજપના આગેવાનોએ પ્રવેશ કરવો નહીં તેવા પણ સોશિયલ મીડિયાની અંદર પોસ્ટરો તેમજ લેખો વાયરલ થઈ રહ્યા છે ત્યારે આવતા દિવસોની અંદર આ વિરોધનો વંટોળ શાંત પડે છે કે કેમ તે જોવાનું રહ્યું છે. આ વિરોધ ના ભાગરૂપે ઉપલેટાની અંદર રાજપૂત સંકલન સમિતિએ બહોળી સંખ્યામાં એકત્રિત થઈ ઉપલેટા મામલતદારને આવેદનપત્ર પાઠવી પોતાનો રોષ વ્યક્ત કર્યો છે.

### સંકલ્પ ગ્રુપ પે બેક ટુ સોસાયટી દ્વારા આયોજીત

# જામનગરમાં ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૩ મી જન્મજયંતી નિમિતે ભીમ જન્મોત્સવ આયોજન

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં .ડો બાબા સાહેબ આંબેડકર ની ૧૩૩ મી જન્મ જયંતી નિમિતે સંકલ્પ ગ્રુપ પે બેક ટુ સોસાયટી દ્વારા ભીમ જન્મોત્સવ ૩. નું આયોજન કરવામાં આવેલ છે.જેમાં હર્ષોલ્લાસ સાથે ભવ્ય ઉજવણી રૂપે રાસો ત્સવ અને સમૂહ



ભોજનનું આયોજન કરેલ છે.તો આપ સર્વે મૂળનીવાસી સમાજને સહપરિવાર સાથે પધારવા ભાવભર્યું આમંત્રણ છે . તારીખ : ૧૩ એપ્રિલ ૨૦૨૪ સમય : સાંજે ૭ થી ૧ ૨ વાગ્યા સુધી સ્થળ : ભીમવાસ નં .૧. એ.ગ્રાઉન્ડ પાસે જામનગર.

# વસુંધરા હોટલ પાસે ટ્રક પાર્કિંગના સંબંધમાં ઘાતક હથિયાર વડે ગંભીર ઈજા પહોંચાડવાના ગુનામાં ૧૩ વર્ષે ધરપકડ કરાયેલ આરોપી જામીન મુક્ત

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબી:** આ કામની ફરીયાદ એવી છે કે, આ કામના ફરીયાદીએ આરોપી નં.૧ ને તેની ટ્રક સાઈડમાં પાર્ક કરવાનું કહેતાં આરોપી નં.૧ ઉશ્કેરાઇ જઈ અને ફરિયાદીને ગાળો બોલતાં ફરિયાદીના ભાઈ / ઈજા પામનારએ આરોપી નં. ૧ ને ગાળો બોલવા ની ના કહેતા આરોપી નં.૧ ના એ ઇજા પામનાર સાહેદને બે થપાટ મારી પોતાના ટ્રક માથી કાઢવા જતા તેને માથામાં કાંઈક વાગતા માથામાંથી લોહી નિકળતા તેનો ખાર રાખી. આરોપી નં. ૨ નાએ લોખંડના પાઈપ વતી ઈજા



પામનાર સાહેદને માથા મા ફેકચર કરી ગંભીર ઈજા કરી. અને આરોપી નં. ૩ રાજેન્દ્ર બિશ્નોઇએ ઇજા પામનાર સાહેદને લોખંડના પાઈપથી ખંભાના ભાગે ગંભીર ઈજા કરી ગુનો કર્યા બાબતની ભારતીય દંડ સહીંતાની કલમ ૩૨૫, ૩૨૬ વિગેરે હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવેલ હાલમાં આ કેસમાં પોલીસ દ્વારા આરોપી નં.૩ રાજેન્દ્ર ઉર્ફે રાજુરામ જયનારાયણ બિશ્નોઈનાઓની ધરપકડ કરવામાં આવતા આ આરોપીએ મોરબીના વકીલ શ્રી જે.ડી.સોલંકી મારફત ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં જામીન અરજી કરેલ. આ જામીન અરજીની કામગીરીમાં બંને પક્ષોની તમામ દલીલોને અંતે નામ. જિલ્લા અદાલતે આરોપીની દલીલો ગ્રાહ્ય રાખી આરોપીને શરતી જામીન પર મુક્ત કરતો હુકમ કરેલ હતો.

# મોરબી પોલીસના બે દરોડામાં નોટ નંબર અને તીનપત્તીનો જુગાર રમતા કુલ ચાર ઝબ્બે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમે જુદા જુદા બે સ્થળોએ જુગારના દરોડા પાડી નોટ નંબરનો જુગાર રમતા બે તથા તીનપત્તીનો જુગાર રમતા બે એમ કુલ ચાર શખ્સોને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે. આ સાથે પોલીસે કુલ રોકડા ૧૯,૫૦૦/-જપ્ત કરી તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રથમ જુગારના દરોડાની પ્રાપ્ત માહિતી મુજબ દાઉદી પ્લોટ શેરી નં.૧ માં આવેલ ડાયમંડ એપાર્ટમેન્ટના પાર્કિંગમાં તીનપત્તીનો જુગાર રમતા શાબુદીનભાઈ રહેમતુલાભાઈ સુરાણી ઉવ.૬૧ રહે.ડાયમંડ એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૭૦૨ દાઉદી પ્લોટ શેરી નં.૧ મોરબી, મોન્ટુભાઈ બહાદુરઅલી જીવાણી ઉવ.૩૫ રહે.દાઉદી પ્લોટ શેરી નં.૨ ના ખુણા પાસે મોરબીને રૂ.૭,૦૦૦/-ની રોકડ રકમ સાથે મોરબી એ ડિવિઝન પોલીસે ઝડપી લઇ આગળની ધોરણસરની કાર્યવાહી જાતઃ ધરી છે.

જયારે જુગારના બીજા દરોડામાં સીટી એ ડિવિઝન પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન કુવાડિયા પીરની દરગાહ પાસે પૈસાની હારજીતનો નસીબ આધારીત ચલણી નોટના નંબરનો જુગાર રમતા ઈમરાનભાઈ મુસાભાઈ ખુરૈશી ઉવ.૩૧ રહે. વીશીપરા કુલીનગર-૧ મોરબી, સોહીલભાઈ રસુલભાઈ સુમરા ઉવ.૨૨ રહે.વીશીપરા ચાર ગોડાઉન પાસે મોરબીને અલગ અલગ દરની ચલણી નોટ કિ.રૂ.૧૨,૫૦૦/-સાથે ઝડપી લેવામાં આવી બંને આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કે.બી. ઝવેરીએ ટંકારામાં મતદાન મથકની મુલાકાત કરી

## સબંધિત અધિકારીઓને સાથે રાખી જરૂરી સૂચન કરી માર્ગદર્શન આપ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તૈયારીઓના ભાગરૂપે મોરબીના જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કે.બી. ઝવેરી દ્વારા ટંકારામાં મતદાન મથકની મુલાકાત કરવામાં આવી હતી.

મોરબીના જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કે.બી. ઝવેરીએ ટંકારામાં મતદાન મથકની મુલાકાત લઈ જરૂરી કર્મચારીઓને માર્ગદર્શન આપવામાં આપ્યું હતું. મતદાન મથક ખાતે કોઈ ખલેલ ન પહોંચે અને ગોપનીયતા જળવાઈ રહે તેમજ કેન્દ્રીય ચૂંટણી પંચ તરફથી આપવામાં આવેલ સૂચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે અન્વયે સંબધિત અધિકારીઓ સાથે તાલુકા પંચાયત ટંકારા ખાતે ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હતી.







આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થાને લઈને પણ જરૂરી સૂચનો આપવામાં આવ્યાં હતાં. અને સાથે મતદાનના દિવસે મતદાન મથક પર તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી શકાય તે બાબતે પણ વિચાર-વિમર્શ કરાયો હતો. જીલ્લા કલેકટર કે.બી. ઝવેરી તથા નાયબ જીલ્લાચૂંટણી અધિકારી કુલદીપસિંહ વાળા દ્વારા ઉપસ્થિત સૌ અધિકારીઓને તમામ બાબતોમાં જરૂરી સૂચન કરી યોગ્ય માર્ગદર્શન અપાયું હતું.

આ મુલાકાત દરમિયાન જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, ડેપ્યુટી કલેકટર સુબોધકુમાર દુદખિયા, ટંકારા મામલતદાર કેતન સખીયા તેમજ સબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વેપારીને ઉંચુ વળતર આપવાની લાલચ આપી બે શખ્સોએ કરી રૂા.૨૫.૪૪ લાખની છેતરપિંડી

## રાજકોટ અને જામનગરના બે શખ્સો વિરૂધ્ધ માલવીયા પોલીસમાં ફરિયાદ નોંધાતા શોધખોળ હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કરણપરામાં રહેતા અને કાંતાસ્ત્રી વિકાસગૃહ રોડ પર કપડાની દુકાન ચલાવતા વેપારી સહિત અનેક લોકોને પેઢીમાં રોકાણ કરવાના બહાને લાલચ આપી શખસોનો રૂ. ૨૫.૪૪ લાખની છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવતા માલવિનગર પોલીસે શખસો સામે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ કરણપરામાં રહેતા અને કાંતાસ્ત્રી વિકાસ ગૃહ રોડ પર સેન્ચ્યુરી સેન્ટર નામની બિલ્ડિંગમાં માધુરી ક્રિએશ નામની કપડાની દુકાન ચલાવતા બિજેશભાઈ પ્રવિણચંદ્રભાઈ બોસમીયાએ ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપી તરીકે પંકજ વડગામા, સાગર ખુંટી અને ક્રિડિટ બુલ્સ સાથે સંકળાયેલા શખસોના નામો આપ્યા હતા. ફરિયાદનમાં વધુ જણાવ્યું હતું કે ચારેક વર્ષ પહેલા ન્યૂઝ પેપરમાં જાહેરાત આવી હતી જેમાં એક વખત રોકાણ કરો અને મળેવો બે ટકા માસિક વળતર આજીવન તેમજ તેના મોબાઈલ નંબર હોય કોન્ટેકટ કરતા જામનગર બ્રાન્ચના રીઝીયોનલ ઓફિસર પંકજ વડગામા સાથે વાત થયેલ અને તેને સ્કીમ સમજાવેલ અને બે દિવસ પછી રાજકોટ આવુ ત્યારે વધારે સમજાવીશ તેમ કહયા બાદ બે દિવસ પછી નાનામવા સર્કલ પાસે આરકે પ્રાઈમમાં તેની ઓફિસ હોય ત્યાં ગયા હતા ત્યા પંકજની સાથે ઓફિસ સંભાળના સાગર ખુંટી સાથે ઓળખાણ કરાવી હતી અને વાત કર્યા બાદ તેના ખાતામાથી રૂ. ૪ લાખનું રોકાણ કર્યુ હતુ. તેના મહિને રૂ. ૮ હજાર વળતર જમા થતા હતા ત્યારબાદ તેના મોબાઈલના વોટસએપમાં મેસેજ આવ્યો હતો જેમાં અમે હવે વળતર આપી શકીએ તેમ નથી કારણ કે સેબીએ રોકાણકારોને ફિક્સ રિટર્ન નહી આપવા નોટીસ આપી છે જેથી તેને તપાસ કરતા ક્રેડિટ બુલ્સની ઓફિસે તાળા હોય અને ઓફિસ સંભાળતા સાગરભાઈને ફોન કરતા તેને બધા રોકાણકારોના પૈસા આપી દેવાનું કહયુ હતુ જેમાં મયંકભાઈના ૧૫ લાખ, વિશાલભાઈના ૧ લાખ સહિત અલગ- અલગ મળી કુલ રૂ. ૨૫.૪૪ લાખનું રોકાણ કરાવી પરત ન આપી છેતરપિંડી કર્યાનું જણાવ્યું હતુ.

# માઁ આશાપુરાના ચરણોમાં શિશ ઝુંકાવી પ્રચારના શ્રી ગણેશ કરતાં રૂપાલા

## વિરોધ વચ્ચે મહિલાઓ સાથે ટિફીન બેઠક કરી ભોજન કર્યુ: શહેરમાં અલગ અલગ વિસ્તારમાં પ્રચાર કર્યો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે અભદ્ર ટીપ્પણી કરી હતી. આથી ક્ષત્રિય સમાજમાં રોષ ભભૂકી ઊઠયો છે, જેને લઈને રૂપાલાએ ક્ષત્રિય સમાજની માફી પણ માગી છે. પરંતુ વિવાદ શમવાનું નામ લેતો નથી. રૂપાલા ગઈકાલે દિલ્હીથી રાજકોટ પહોંચ્યા હતા. આજે તેઓ સવારે રાજકોટમાં ક્ષત્રિય સમાજના કુળદેવી મા આશાપુરાના મંદિરે પહોંચી માતાજીને ચૂંદડી ચડાવી દર્શન કર્યા હતા. બાદમાં ક્ષત્રિયોના વિરોધ વચ્ચે મહિલા સંમેલન યોજી ફરી પ્રચાર શરૂ કરી દીધો છે.

પુરુષોત્તમ રૂપાલાએ આશાપુરા માતાજીના મંદિરે દર્શન કરી પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં માતાજીના દર્શન કરતા હોય તેવા ફોટો સાથે પોસ્ટ પણ કરી છે. જેમાં લખ્યું છે કે, રાજકોટ ખાતે શ્રી મા આશાપુરા મંદિરે આદ્યશક્તિ માતાજીના શરણે શિશ નમાવીને સૌના કલ્યાણ માટે પ્રાર્થના કરી.

બે દિવસ પહેલાં કરણીસેનાનાં મહિલા પ્રદેશ અધ્યક્ષ પદ્મિનીબા વાળાએ આશાપુરા મંદિરે માતાજીનાં દર્શન કરી રૂપાલાને હરાવવા માટે શપથ લીધા હતા. બાદમાં કરણીસેનાના વડીલો અને યુવાનોએ રૂપાલા વિરુદ્ધ મતદાન કરવા શપથ લીધા હતા. ત્યારે આજે રૂપાલાએ આશાપુરા માતાજીના મંદિરે દર્શન કરી પ્રચારનો પ્રારંભ કર્યો અને બાદમાં જામટાવર પાસેની સ્વાવલંબી સ્વાશ્રયી આત્મનિર્ભર મહિલા મિલન કાર્યક્રમમાં પહોંચ્યા હતા. જ્યાં રૂપાલાએ નારીશક્તિને વંદન કર્યા હતા.

આ દરમિયાન તેમણે મહિલાઓ સાથે બેસી ભોજન કર્યું હતું, જેનાથી રૂપાલાની નવી જ રાજનીતિ જોવા મળી રહી છે. દિલ્હીથી આવ્યા બાદ રૂપાલામાં ભરપૂર આત્મવિશ્વાસ જોવા મળી રહ્યો છે અને આથી હવે ભાજપ દ્વારા રૂપાલાને હટાવવામાં આવશે એવી વાતો હવે ઓછી ચર્ચાઈ રહી છે. જોકે રૂપાલા સાથે ક્ષત્રિય સમાજના ભાજપના કોઈ જ નેતા જોવા મળ્યા નહોતા.

રાજકોટ લોકસભા બેઠક પરના ભાજપના ઉમેદવાર પુરુષોતમ રૂપાલાના નિવેદન મામલે ક્ષત્રિય સમાજની બહેનો વિરોધ કરી રહી છે. ત્યારે આજે રૂપાલા સૌપ્રથમ ક્ષત્રિય સમાજની આસ્થાનું કેન્દ્ર ગણાતા આશાપુરા માતાજીના મંદિરે પહોંચ્યા હતા અને મંદિરમાં માતાજીના દર્શન કરી આજના પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. બાદમાં તેમને રાજકોટ શહેરમાં અલગ અલગ જગ્યા ઉપર પ્રચાર કર્યો હતો. જેમાં તેઓ સ્વાશ્રયી આત્મનિર્ભર મહિલા મિલન કાર્યક્રમમાં પહોંચ્યા હતા અને મહિલાઓની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

આ તકે રૂપાલાએ જણાવ્યું હતું કે, આજે દરેક જગ્યાએ મહિલાઓ આગળ છે અને આ સ્વાવલંબી યોજના પહેલા ભાઈઓ માટે પણ હતી. પરંતુ બાદમાં આ યોજનાનો લાભ મોટાભાગની બહેનોએ લેતા હવે આ યોજનામાં માત્ર બહેનો જ રહી છે. આ તકે તેમણે બહેનો સાથે બેસી ટિફિન બેઠક કરી હતી અને તેમની સાથે નીચે બેસી ભોજન કર્યુ હતુ.

# રાજકોટ માર્કેટ યાર્ડની પ્રગતિ ટોપ ગીયરમાંઃ ૨૫ કરોડથી વધુના વિકાસ કામો પરિપૂર્ણ કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ રાજકોટનું કાર્યક્ષેત્ર એ રાજકોટ પડધરી અને લોધિકા તાલુકાના સમાવિષ્ટ ગામોનું છે. વર્તમાન ચેરમેન શજયેશભાઈ બોઘરાએ તારીખ ૦૨.૧૨.૨૦૨૧ થી ચાર્જ સંભાળેલ છે. જે સમય દરમ્યાન અસરકારક વહીવટથી સહકારથી સમૃદ્ધિનું સપનું સાકાર કરવામાં આવ્યું છે. વર્તમાન ચેરમેન જયેશભાઈ બોઘરાના શાસન દરમ્યાન માર્કેટયાર્ડની આવક ૨૫ કરોડ થી વધારીને ૩૭ કરોડ સુધી લઇ જવામાં આવી છે, જેથી અંદાજીત ૧૨ કરોડ જેટલી આવકનો વધારો કરવામાં આવ્યો છે.

ચેરમેન જયેશભાઈ બોઘરા દ્વારા નાણાકીય વર્ષની શરૂઆતમાં જ વર્ષ દરમ્યાન થનાર આવક, કરવામાં આવનાર ખર્ચ તેમજ કરવાના વિકાસના કામો અને આવકના ધોરણો અંગે અગાઉથી લક્ષ્યાંક નક્કી કરવામાં આવે છે. આ લક્ષ્યાંક પાછળ સતત મોનીટરીંગ કરી લક્ષ્યાંકો પરિપૂર્ણ થાય તે માટે સમગ્ર ડીરેક્ટરશ તથા સેક્રેટરી સહિતના સ્ટાફ દ્વારા રાત દિવસ મહેનત કરવામાં આવે છે.

અનાજ વિભાગ તેમજ શાકભાજી વિભાગમાં ચેરમેન દ્વારા સતત હાજરી આપીને ખેડૂતો, વેપારીઓ, કમીશન એજન્ટો તેમજ માર્કેટયાર્ડ સાથે સંકળાયેલા લોકોમાં વિશ્વાસનું વાતાવરણ ઉભું કરવામાં આવ્યું છે.

સરકાર દ્વારા વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ,નિયમોનું તેમજ બજારધારાનો કડકપણે અમલ કરાવવામાં આવી રહ્યો છે.

મુખ્યયાર્ડ તેમજ સબયાર્ડમાં અંદાજીત ૨૫ કરોડ થી વધુના વિકાસના કામો પરિપૂર્ણ કરવામાં આવ્યા છે. જેમાં મગફળીની ઉતરાઈ માટે નવા આધુનિક ડઊઇ શેડ, ડુંગળીની ઉતરાઈ માટે નવા શેડ, પેવર ગ્રાઉન્ડ, નવું કોર્પોરેટ વહીવટી કાર્યાલય, હયાત શેડ વચ્ચેના ડોમ, ખેડૂતો માટે રાહતદરે ભોજનાલયનું બાંધકામ, જુના યાર્ડ સંકુલમાં તમામ ઓક્શન શેડના છાપરા બદલાવવાનું કામ, પોલીસ ચોકી, ૧૦૦% CCTV સર્વેલન્સ જેવી કામગીરીનો સમાવેશ થાય છે.

વર્તમાનમાં ૧૫ કરોડથી વધુના વિકાસના કામો ચાલુ છે. જેમાં હયાત ડઊઇ શેડનું વિસ્તૃતિકરણ, ખેડૂતોની જણસીઓનું પ્રોસેસિંગ કરી તેનું વેચાણ કરવાનું, બાયોવેસ્ટમાંથી ખાતર બનાવવાનો પ્લાન, શાકભાજી યાર્ડ સંકુલ ખાતે વર્ષોથી કરવામાં આવતી માંગણીના કામો જેવા કે, આર.સી.સી. રોડ રસ્તા, ડ્રેનેજ વર્કસ અને વોટર વર્કસના કામોનો સમાવેશ થાય છે.તેમજ ચાલુ વર્ષમાં હવે પછી પેટ્રોલપંપ, ટોઇલેટ બોક્સ, ઓક્શન શેડ જેવા અંદાજીત ૮ કરોડ થી વધુના પ્રકલ્પની કામ કરવામાં આવનાર છે

# કુવાડવા રોડ પર કારખાનામાંથી રૂા.એક લાખના પિતળની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કુવાડવા રોડ પર મેંગો માર્કેટ પાસે આવેલા અથર્વ એન્ટરપ્રાઇઝ નામના કારખાનામાં દીવાલમાં બાકોરું પાડી કારખાનામાં રહેલા ૮૫ કિલો પિતળના દાગીના રૂ.૧.૦૨ લાખની ચોરી થયાની પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ સામાંકાંઠે આડો પેડક રોડ ગુજરાત સોસાયટી મેઈન રોડ શ્યામ પાર્ક શેરી નં.-૦૧ પિત્રુ કુપા મકાનમાં રહેતા વિનોદભાઈ પરપોતમભાઈ લિંબાસીયા (પટેલ) (ઉ.વ.૫૮)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું ગ્રીનલેન્ડ ચોકડી પાસે મેંગો માર્કેટ ખાતે અથર્વ એન્ટરપ્રાઈઝ નામની ઈમીટેશનની ભઠ્ઠી ચલાવી વેપાર ધંધો કરું છું. અને અમારૂ કારખાનુ મારો દિકરો ધર્મેશભાઈ સંભાળતા હતા અને અમારા કારખાનામાં ત્રણ કારીગરો કામ કરે છે. ગઈ તા. ૩૧ના રોજ સવારના દસેક વાગ્યે મારા દિકરા ધર્મેશનો ફોન આવેલ અને મને વાત કરેલ કે આપડા કારખાનામાં સવારના આપડો કારીગર અમિત સવારે આઠેક વાગ્યે કારખાને ગયેલ અને તાળુ ખોલી અંદર ગયેલ તો બાદમાં ત્યાર પછી હું અમારા કારખાને આવેલ અને જોયુ તો અમારા કારખાનામાં પિતળના દાગીના બનાવવાની ડાયમાં દાગીના બનાવતા હોય અને તેમાં દાગીના પડેલ હોય જે મેં ખાત્રી કરતા આ દાગીના આશરે ૮૫ કિલો કુલ રૂ. ૧,૦૨,૦૦૦ ના જોવામાં ના આવતા બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.આ મામલે પીઆઈ એસ.એમ.જાડે જાની રાહબરીમાં પીએસઆઈ કે.ડી. મારુ અને સ્ટાફે આરોપીને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે.

# ચૂંટણી આચાર સંહિતાના કારણે મનપાની સ્ટેન્ડીંગ કમિટીમાં તમામ દરખાસ્તો પેન્ડીંગ રહી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**


આજે મનપાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં આચાર સંહિતાના કારણે તમામ દરખાસ્તો પેન્ડીંગ રખાઈ હતી. આજે ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં સરકારી કામગીરી અને અન્ય નિર્ણયો ચૂંટણીની આચાર સંહિતાના કારણે સ્થગિત કરાયા હતા. કુલ ૨૦ દરખાસ્તો સ્ટેન્ડીંગ સમક્ષ મુકાઈ હતી. ઉલ્લેખનિય છે કે જીપીએમસી એક્ટ મુજબ દર મહિને એક વખત સ્ટેન્ડીંગ કમિટીની બેઠક બોલાવી જરૂરી હોય જેના ભાગરૂપે આજે આ બેઠક મળી હતી.

આજે મળેલી બેઠકમાં સ્ટેન્ડીંગ સમક્ષ મોટા મૌવામાં વર્ષો જુનુ ઈલેક્ટ્રીક સ્મશાન આવેલું છે તેને ગેસ આધારિત સ્મશાનમાં રૂપાંતરિત કરવા રૂા.દોઢ કરોડનો ખર્ચની દરખાસ્ત મુકાઈ હતી જો કે આ નિર્ણય હાલ પુરતો સ્થગિત રખાયો છે. હવે કાર્યવાહી બે મહિના બાદ જ આગળ ધપશે. વધુમાં વોર્ડ ૮, ૧૧ અને ૧૩માં ચંદ્રેશનગર હેઠળના વિસ્તારોમાં બલ્ક વોટર ફલોના મીટર રીડીંગ તેમજ બીલીંગના કામની દરખાસ્ત પણ એજન્ડામાં હતી. આ સિવાયના શહેરના અન્ય વોર્ડના લાખોના વિકાસ કામોની દરખાસ્ત પણ રખાઈ હતી. પરંતુ શાસકો આ તમામ મુદ્દે નિર્ણય લઈ શકયા નહોતા.

# પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના અધ્યક્ષસ્થાને નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટરની બેઠક યોજાઈ

## યુવાધનને ડ્રગ્સના દુષણથી બચાવવું જરૂરી - જનજાગૃતિ અર્થે સંસ્થાઓ - વાલીઓ આગળ આવે - પોલીસ કમિશનર

**મુખ્ય સમાચાર રાજકોટ**



પ્રવર્તમાન સમયમાં ડ્રગ્સના દુષણ સામે સૌએ એક થઈ આજના યુવાધનને બચાવવું જરૂરી હોવાનું કહી આ દુષણને નાથવા સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓ સાથોસાથ વાલીઓ પણ જાગૃત બની આગળ આવે તેમ પોલીસ કમિશનર શ્રી રાજુ ભાર્ગવે નાર્કો-કોર્ડીનેટર સેન્ટરની બેઠકમાં ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું. પોલીસ કમિશનરશ્રીએ ખાસ કરીને યુવાનો પર કારકિર્દી અંગે દબાણ ન લાવવા અને તેઓના વાલીઓને સતર્ક રહેવા ખાસ ભલામણ કરી હતી. ડ્રગ્સ સપ્લાયર અંગે લોકો માહિતી પુરી પાડવા આગળ આવે તેવો અનુરોધ તેમણે કર્યો હતો.

પોલીસ કમિશનર શ્રીના અધ્યક્ષસ્થાને આયોજિત નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટર (નાર્કોડ) બેઠકમાં પોલીસ વિભાગ દ્વારા એન્ટી-ડ્રગ્સ કેમ્પઇન અંગે ડી.સી.પી. શ્રી પાર્થરાજસિંહ ગોહિલે માહિતી આપતા જણાવ્યું હતું કે, એસ.ઓ.જી. તેમજ મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે ડ્રાઈવ ચલાવી શહેરમાં પાન ગલ્લાઓ, બગીચા તેમજ અન્ય સ્થળોએ ડ્રગ્સ વેચતા લોકો પર વિવિધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૨ માં ડ્રગ્સ વેચનાર સામે કાર્યવાહી કરી રૂ. ૩૯ લાખ ,વર્ષ ૨૦૨૩ માં રૂ. ૫૧ લાખ તેમજ ચાલુ વર્ષમા રૂ. ૯ લાખથી વધુનો જથ્થો પકડવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

પોલીસ અને શિક્ષણ વિભાગ સાથે જનજાગૃતિ અર્થે શાળા-કોલેજમાં ડ્રગ્સના દુષ્પરિણામો અંગે સેમિનાર કરવામાં આવ છે, જેમાં ચાલુ વર્ષમાં ૨૫૦૦ થી વધુ છાત્રોને ડ્રગ્સના વ્યસનથી દૂર રહેવા તેના દુષ્પરિણાણો અંગે માહિતગાર કરાયા હતાં.

આ કાર્યક્રમમાં અમદાવાદથી એન.સી.બી.વિભાગના અધિકારીશ્રીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાઈ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તકે એડિશનલ પોલીસ કમિશનર શ્રી વિધિ ચૌધરી, ડી.સી.પી. શ્રી સજ્જનસિંહ પરમાર, એસ.ઓ.જી.ના પી.આઈ. જે.એમ.કૈલા, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી એન.વી. રાણિપા, મહાનગરપાલિકાના વિજિલન્સ વિભાગનાશ્રી આર.બી. ઝાલા, સહીત, વહીવટી વિભાગ, ફૂડ વિભાગ, ફોરેન્સિક વિભાગ, આરોગ્ય વિભાગ, રાજકોટ સિવિલ મનોચિકિત્સક વિભાગ, રિહેબિલિટેશન વિભાગ, કૃષિ, વન વિભાગ, તોલમાપ. સાઈન્ટિફિક વિભાગ સહિતના કમિટીના અધિકારીઓ જોડાયા હતાં.

# નાગ્રેચા પરિવારનું ગૌરવ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા લેવાયેલ જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષામાં નાગ્રેચા યક્ષા દીપકભાઈએ સમગ્ર રાજકોટ જિલ્લામાં ઉચ્ચ મેરીટ સાથે દ્વિતીય સ્થાન મેળવી નાગ્રેચા પરિવાર તેમજ રઘુવંશી સમાજનું ગૌરવ વધારેલ છે. નાગ્રેચા યક્ષાને ખૂબ ખૂબ અભિનંદન.

# ૧૭ એપ્રિલથી રાજકોટમાં સુબોધીની ભાગવત વચનામૃત મહોત્સવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના પરમ વૈષ્ણવ પરિવારો, ભાગવત વચનામૃતના મુખ્ય મનોરથ પારસભાઈ વલ્લભભાઈ કટારિયા તથા સહ મનોરથ નટવરલાલ હરિયાણીના સેવા ઉપક્રમે રાજકોયમાં પૂ.ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજના સ્વમુખે આગામી તા.૧૦-૪-૨૦૨૪થી ૧૬-૪-૨૪ સુધી દરરોજ બપોરે ૩ થી સાંજે ૭ વાગ્યા સુધી સુબોધીની અષ્ટોત્તર શત શ્રીમદ્ ભાગવત વચનામૃત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મવડી બાયપાસ, મારવેલ હોસ્પિટલ રોડ, સંસ્કાર સાનિધ્યની પાછળ, સંસ્કાર સીટી રામધણની બાજુમાં વિશાળ પટાંગણમાં યોજાયેલ આ પ્રેરણાદાયી ભાગવત મહોત્સવમાં સમગ્ર રાજકોટ અને આસપાસના વિસ્તારના ધર્માનુરાગી શ્રોતાઓ વિશાળ સંખ્યામાં હાજરી આપીને લાભ લેશો.



આચાર્યપીઠે બિરાજનાર પૂ.પા.ગો. શ્રી પ્રાગટય ગૃહાધિપતિ છે અને સોમયાજી દીક્ષિત અનંત શ્રી વિભૂષિત છે, તેઓ પુષ્ટિ સૃષ્ટિનું પ્રેરકબળ છે, વિવિધ વચનામૃતના માધ્યમથી ઉપસ્થિત ભાવિક શ્રોતાઓને તેમની તાત્વિકસાર ગર્ભિત વાણીના સરળ પ્રવાહમાં રસપાન કરાવશે. આ અલૌકિક મહોત્સવનો લાભ લેવા ચંપારણ હવેલી તરફથી સર્વે ભાવિકજનોને જાહેર આમંત્રણ અપાયું છે.

સાત દિવસના આ કાર્યક્રમ દરમ્યાન તા.૧૦ એપ્રિલ બુધવારે રાત્રે ૯ થી ૧૧-૩૦ રાસ કિર્તન, તા.૧૨ એપ્રિલ શુક્રવારે રાત્રે ૯ વાગ્યાથી ઢાઢી લીલી, તા.૧૪ એપ્રિલ રવિવારે રાત્રે ૯ વાગ્યે ચંપારણધામ હવેલીના પાઠશાળાના બાળકો નાટયકૃતિ રજુ કરશે. તા.૧૫ એપ્રિલ સોમવારે રાત્રે ૯ વાગ્યે લોટી ઉત્સવ અને સમૂહ માલા પહેરામણી તથા તા.૧૬ એપ્રિલ મંગળવારે રાત્રે ૯ વાગ્યે ષષ્ટીપૂર્તિ અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ધર્માયોજનની વિશેષ વિગતો માટે મો.નં. ૯૪૨૭૨ ૨૦૮૩૯, ૯૮૨૫૨ ૧૭૧૪ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# લોકશાહીના અવસરને વધાવી મતદાન કરવાની પ્રતિબદ્ધતા દર્શાવતા યુવા છાત્રો

## કલેકટરના હસ્તે મતદાન જાગૃતિના વિજેતા સ્પર્ધકોનું સન્માન કરાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકશાહીના પર્વ સમાન આગામી લોકસભાની ચૂંટણીમાં અવશ્ય મતદાન કરીશું-ની પ્રતિબદ્ધતા સાથે યુવા છાત્રોમાં અનેરો થનગનાટ રાજકોટ સહીત સમગ્ર જિલ્લામાં જોવા મળી રહ્યો છે.

જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના માર્ગદર્શનમાં સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવી અને તેમની ટીમ દ્વારા જિલ્લાની શાળા - કોલેજોમાં મતદાન જન-જાગૃતિના અનેકવિધ કાર્યક્રમો રોજબરોજ યોજાઈ રહ્યા છે.

મોટા મવા વિસ્તારમાં આવેલ સનસાઈન કોલેજ ઓફ એમ.બી.એ. માં યુવા મતદારો જેવો પ્રથમ વાર વોટીંગ કરવાના છે, તેઓને મતદાનનું અધિકારીઓની ટીમ દ્વારા મતદાનનું મહત્વ સમજાવી અને વધુમાં વધુ મતદાન થાય તે બાબતે પ્રતિજ્ઞા લેવડાવી હતી. જે છાત્રો મતદાન માટે એલિજેબલ છે પરંતુ તેઓનું નામ મતદાન યાદીમાં નોંધાયેલ નથી તેવા મતદારોને વોટર હેલ્પલાઇન મારફતે ઓનલાઈન અરજી કરાવી હતી.

જયારે રૈયાધાર વિસ્તારમાં આવેલી ડો. ઝાકીર હુસેન પ્રાથમિક શાળા ખાતે ચુનાવ પાઠશાલા અંતર્ગત આયોજીત ચિત્રસ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધકોને કલેક્ટરશ્રી પ્રભવ જોશી અને જીલ્લા અધિક ચુંટણી અધિકારીશ્રી મુછરના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. તેમજ દરેક વિજેતાને પુરસ્કાર તરીકે સ્કુલબેગ, જીઓમેટ્રી બોક્સ, પેન તથા વોટર બોટલ આપવામાં આવી હતી. આ તકે મતદાર નોંધણી અધિકારીશ્રી ૬૯-રાજકોટ પશ્ચિમ અને શાળાના અન્ય શિક્ષકો હાજર રહેલ હતા.

# મોરબીના ખારચીયા ગામે આવેલ કેમિકલ ફેક્ટરીમાં ટાંકી સાફ કરતા સમયે ઝેરી ગેસની અસરથી બે શ્રમિકના મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના ખારચીયા ગામ નજીક આવેલ બાયોજોટીક લાઇફ સાયન્સ નામની બંધ ફેકટરીમાં સફાઈ કામ કરતા સમયે કુલ ચાર શ્રમિકોને ઝેરી ગેસની અસર થતા ચારેય શ્રમિકોને બેભાન અવસ્થામાં સારવાર માટે મોરબીની ખાનગી હોસ્પિટલમાં લાવતા જ્યાં ચાર પૈકી બે શ્રમિકોને મરણ જાહેર કરતા મોરબી તાલુકા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી સમગ્ર દુર્ઘટના મામલે વધુ તપાસ હાથ ધરી છે.




મોરબી ખારચીયા ગામે આવેલ બાયોજોટીક લાઇફ સાયન્સ કેમિકલ ફેકટરીમાં ગઈકાલ તા.૦૪/૦૪ ના રોજ બંધ કેમિકલ ફેક્ટરીમાં ટાંકીની સફાઈ કરવા ચાર શ્રમિકો ટાંકીમાં ઉતાર્યા હતા. ત્યારે ઝેરી ગેસની અસર થતા ચારેય શ્રમિકોને બહાર કાઢવામાં આવ્યા હતા. જયાંથી તેઓને સારવાર અર્થે મોરબીની ખાનગી હોસ્પિટલમાં ખસેડતા ચાર પૈકી બે શ્રમિકો અનંતુ ગોસાલ

રહે હાલ બાયોજોટીક લાઇફ સાયન્સ ફેકટરી ગામ ખારેચીયા મોરબી મૂળરહે. બોકારો ચાસ હરીમંદીર મેઇન રોડ તા.જી બોકારો(ઝારખંડ), મંગલમ આદીવીસી હાલ રહે.બાયોજોટીક લાઇફ સાયન્સ ફેક્ટરી ગામ ખારેચીયા મૂળરહે. કુન્તીચર તા.જી ત્રીકપગઢ મધ્યપ્રદેશને ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી મરણ જાહેર કર્યા હતા, જયારે અન્ય બે શ્રમિકોની સારવાર ચાલુ હોય ત્યારે બે શ્રમિકોના મૃત્યુ અંગે મોરબી તાલુકા પોલીસે અકસ્માત મોત રજીસ્ટર કરી વિવિધ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.


MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# લીલી સાજડીયાળી ગામે દારૂનું કટીંગ થાય તે પહેલાં ક્રાઈમ બ્રાંચ ત્રાટકી

## ઘઉંના જથ્થાની આડમાં છુપાવેલો રૂા.૨૭.૯૭ લાખનો દારૂ કબ્જેઃ બે શખ્સો ઝડપાયા એકની શોધખોળ


**મુખ્ય સમાચાર, રાજકોટ**

લીલી સાજડીયાળી સીમ વિસ્તારમાં રાત્રીના સમયે ઘઉંના જથ્થાની આડમાં થતા વિદેશી દારૂના જથ્થાના કટીંગ પર પોલીસે દરોડો પાડી વાહનો અને વિદેશી દારૂ સહિત રૂ.૨૭,૯૭,૯૮૦ ના મુદ્દામાલ સાથે બે શખ્સોને ઝડપી લીધા હતા. જ્યારે એક શખ્સનું નામ ખુલતા શોધખોળ હાથ ધરી છે. રાજકોટમાં આગામી લોકસભા ચુંટણી અન્વયે ખાદી આચાર સંહિતા અમલમાં હોય અને આગામી લોક્સભાની ચુંટણીની મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે યોજાય તેમજ આગામી ચુંટણીની સંવેદનશીલતાને લક્ષ્યમાં રાખી ચુંટણીને પ્રભાવિત કરી શકે તેવા બુટલોગરો ઉપર વોચ રાખી રેઈડો કરવા અને પ્રોહીબીશન-જુગારની ગેર- કાયદેશર પ્રવૃતી સંદતર નેસ્ત નાબુદ કરવા અસરકારક કામગીરી કરવા સૂચના કરેલ હોય જે સૂચના અન્વયે ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલીંગમાં હતી તે











દરમ્યાન મળેલી બાતમી આધારે રાજકોટની ભાગોળે આવેલા સાજડીયાળી ગામની આલાસર સીમ તરીકે ઓળખાતા બરાબા વિસ્તારમાં રાત્રીના સમયે ઘઉંના જથ્થાની આડમાં ચાલી રહેલ ગે.કા. ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થાના કટીંગ પર દરોડો પાડી ભારતીય બનાવટનો અલગ-અલગ બ્રાન્ડનો ગે.કા. વિદેશી દારૂ તેમજ બીયરનો જથ્થો રૂ.૧૪,૧૪,૮૬૦ જથ્થો, ત્રણ વાહનો, મોબાઇલ ફોન અને ઘઉંના ૯૦ બાચકા મળી કુલ રૂ. ૨૭,૯૭,૯૮૦/- ના મુદામાલ પરસોતમ પરબતભાઈ મકવાણા (રહે. લીલી સાજડીયાળી, તા.જી. રાજકોટ), પ્રકાશ ડાયાભાઈ રાઠોડ (રહે. લીલી સાજડીયાળી, તા.જી. રાજકોટ)ને ઝડપી લીધા હતા. જયારે લાખાભાઇ સંગ્રામભાઈ પીયડ (રહે. લીલી સાજડીયાળી, તા.જી. રાજકોટ)નું નામ ખુલતા શોધખોળ હાથ ધરી છે.

# કુવાડવા ગામે માધવ હોટલ પાસે શ્રમિકની હત્યા કરનાર શખ્સ ઝડપાયો

## નશો કરેલી હાલતમાં રેકડી પર સુવા બાબતે ઝઘડો થતાં માથામાં ધોકો ફટકારી હત્યા કર્યાની કબુલાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

કુવાડવા ગામ પાસે આવેલી માધવ હોટલ ની બાજુમાં આવેલા ખુલ્લા પ્લોટ માં યુવાનને કોઈ અજાણ્યા ઈ સમયે માથામાં બોથલ પદાર્થના ઘા મારી હત્યા કર્યાના બનાવો નો ભેદ કુવાડવા રોડ પોલીસે ઉકેલી નાખી એક શખ્સની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ મૂળ જામનગર માં રહેતો અને મજૂરી કામ કરતો યુવાને કુવાડવા રોડ પોલીસ મથકે ગઈ તારીખ ૧ ૪ ૨૦૨૪ ના રોજ ફરિયાદ નોંધાવી હતી કે તેનો ભાઈ કે જે મૂળ એમપી નો વતની



હોય અને મગરવાડા ગામે મજૂરી કામ કરી ગુજરાત ચલાવતો હોય તે પાકડીયા પાડવી ભાઈ ગેદરીયા નમના યુવાનને કોઈ અજાણ્યા એ સમયે કોથળ પદાર્થના ગાજી કી હત્યા કરી હોવાની ફરિયાદના પગલે પીઆઇ વી આર રાઠોડ ની સુચનાથી પી.એસ.આઇ એમ જે વરુ એએસઆઈ એમએમ કુંભારવાડીયા હેડ કોન્સ્ટેબલ અજીતભાઈ લોખિલ તથા હિતેશભાઈ માલકીયા તથા વિક્રમભાઈ ગરચર તથા જયપાલ ભાઈ બરડીયા સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે કુવાડવા ગામે વેલનાથ ચોક પાસે રાધે હોટલ વાળી શેરીમાં રહેતો મહેશ રામજી બહુકીયા શખ્સની અટકાયત કરી આખરી પૂછપરછ કરતા તેણે કબુલાત આપી હતી કે બનાવની રાત્રે આ મૃતક શ્રમિક યુવાન દારૂનો નશો કરેલી હાલતમાં તેની રેગડી પર સૂતો હતો અને તેને ત્યાંથી હટી જવાનું કહેતા તે ગાળો બોલવા લાગેલ અને ઝઘડો કરતો હોય જે દિવસ ઘેરાઈ જઈ તેણે બાજુમાં પડેલો ધોકો લઈ માથામાં જીકી દેતા તેનું મોત નીપજતા તે ત્યાંથી નાસી ગયો હતો. કબૂલત ના પગલે પોલીસે મહેશ બહુ ક્યિા ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીમાં લોકસભાની ચૂંટણી પૂર્વે પાંચ નામચીન બુટલેગરો પાસામાં ધકેલાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી આગામી લોકસભા ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઈ તે હેતુથી મોરબી જિલ્લા પોલીસવડાએ દ્વારા અટકાયતી પગલાઓની સાથે દારૂના ધંધાર્થીઓને પાસા તળે જેલ ભેગા કરવા કાર્યવાહી કરી જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ દરખાસ્ત કરવામાં આવતા આ દરખાસ્ત મંજુર કરવામાં આવતા પાંચ બુગલેગરોને અલગ અલગ જેલમાં ધકેલી દેવાયા છે.

મોરબી જિલ્લા પોલીસે કરેલી પાસા દરખાસ્તને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા મંજુર કરવામાં આવતા વિદેશી દારૂના ધંધામાં સંડોવાયેલ આરોપી સિકદર ઉર્ફે સીકલો કાદરભાઈ મોવર, રહે. મોરબી વીશીપરા બીલાલી મસ્જીદ પાછળ, મુળ રહે.કાંજરડા



તા.માળીયા મી.જી.મોરબી વાળાને પોરબંદર જેલમાં, આરોપી સાહિલ ઉર્ફે સવો રહેમાનભાઈ ચાનીયા, રહે. મોરબી કાલીકા પ્લોટ, સાયન્ટીફીક રોડ, શેરી નંબર-૧૧ તા.જી.મોરબી વાળાને અમદાવાદ જેલ, હિતેષ ઉર્ફે વિપુલ ઉર્ફે ટકો રાજુભાઈ મુંધવા, રહે. મોરબી, કુબેર ટોકીઝ પાછળ, ધાર ઉપર, મફતીયાપરા વાળાને લાજપોર જેલ, સુરત, આરોપી યોગીરાજસિહ ગીરીરાજસિંહ જાડેજા, રહે. અગાભી પીપળીયા તા.વાંકાનેર જી.મોરબી વાળાને વડોદરા જેલમાં તેમજ આરોપી કિશનભાઈ પ્રવિણભાઈ લવા, રહે.જેપુર ત્રીમંદિર સામે, બ્રહમપુરી સોસાયટી, તા.જી.મોરબી વાળાને વડોદરા જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો. આ સફળ કામગીરી એલસીબી પીઆઈ એમ.પી. પંડ્યા, સીટી એ ડિવિઝન પીઆઈ એચ.એ.જાડેજા, સીટી બી ડિવિઝન પીઆઈ કે.એમ.છાસીયા, એલસીબી પીએસઆઈ કે.એચ.ભોચીયા, એસ.આઈ.પટેલ, વાંકાનેર તાલુકા પીએસઆઇ એલ.એ.ભરગા તેમજ પોલીસ મથકના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.


### ગોંડલના અનિડા ભાલોડી ગામ પાસે બન્યો વિચિત્ર બનાવ

# ઈકો કારમાં ગેસનો બાટલો ફાટતા પાછળ બાઈક ચલાવી રહેલ ચાલક દાઝી જતાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગોંડલ હાઈવે પર અનિડા ભાલોડિ હાઈવે પર એક વિચિત્ર ઘટના બની હતી જેમાં કામ પરથી ઘરે જઈ રહેલો યુવાન આગળ જતી ઈકો ગાડીનો બાટલા ફાટતા પાછળ બાઈક લઈ આવી રહેલો યુવાન ભળભળ સળગવા લાગ્યો હતો. જેથી તેમને સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેમનું સારવાર દરમિયાન આજે મોત નિપજતાં તેમના મૃતદેહને પોસ્ટ મોટર્મ માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે હાલ ગોંડલ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

બનાવની વધુ વિગતો મુજબ, ગોંડલના માર્કેટીંગ યાર્ડ પાછળ આવેલી શિવમ પાર્ક



રેસીડેન્સીમાં રહેતો કિશન અશ્વિનભાઈ અગ્રાવત નામનો બાવાજી યુવાન ગઈકાલે સાંજના સમયે પોતાનું કામ પુરૂ કરી અનિડા ભાલોડિથી પોતાના ઘરે જઈ રહ્યો હતો ત્યારે તેમના બાઈકની આગળ જઈ રહેલી ઈકો ગાડીમાં ગેસનો બાટલો ફાટતાં આગ લાગી હતી. જેથી કિશન આખા શરીરે ગંભીર રીતે દાઝીયો હતો. જેથી તેમને સારવાર માટે રાજકોટની ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલી મેડિકેર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ત્યાં આજે બપોરે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ ગઈ છે. કિશનના પિતા હયાત નથી અને પોતે બે ભાઈમાં નાનો હતો તેમજ ધોરણ ૧૨ પુરૂ કરી પોતે આઈટીઆઈમાં અભ્યાસ કરતો હતો તેમજ પોતે અનિડા ભાલડિ ખાતે નોકરી કરતો હતો. જ્યારે નોકરી પરથી પરત ફરતો હતો ત્યારે આ ઘટના ઘટી હતી. જેના કારણે ઈકોનો ચાલક પણ કાર રેઢી મુકી ફરાર થઈ ગયો હતો. આ મામલે ગોંડલ પોલીસના સ્ટાફે ઈકોના નંબર પરથી ચાલકની શોધખોળ શરૂ કરી છે.

# અમીન માર્ગ પર ટી પોસ્ટ પાસે મેડિકલની છાત્રાનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમીન માર્ગ પર મેડીકલ કોલેજની છાત્રાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા તેણીને સારવાર માટે સીવીલ હોસ્પિટલે ખસેડાઈ હતી.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં રૈયા રોડ પર વિધુતનગર સોસાયટીમાં રહેતી ૨૦ વર્ષી ય નૂપુર મહેશભાઈ વાઘેલા નામની યુવતીએ આજે બપોરે અમીન માર્ગ પર ટી પોસ્ટની બાજુમાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પીટલમાં ખસેડાઈ હતી. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.

વધુમાં મળેલ વિગત મુજબ યુવતી પીડીયુ મેડીકલ કોલેજમાં ત્રીજા વર્ષમાં તબીબીનો અભ્યાસ કરે છે અને એક ભાઈ-બહેનમાં મોટી છે તેમજ તેના પિતા મહેશભાઈ શિક્ષક તરીકે નોકરી કરે છે.


# જૂનાગઢ જીએસટી કચેરીના આસિસ્ટન્ટ કમિશનર ૧૨ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયા

## એક અરજદાર પાસે સર્ટીફીકેટ આપવા જીએસટી અધિકારીએ લાંચ માંગી'તી

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જુનાગઢ લાંચ રૂશ્વત બ્યુરોને લાંબા સમય પછી એક સફળતા મળી છે, આજે અહીના જીએસટીના આશિસ્ટ ર ઝ કમિશનરને લવ હજારની લાંચ લેતા ઝડપી કાર્યવાહી કરી છે.

જૂનાગઢ એસીબી પોલીસ ઇન્સ્પેકટર જે.બી.કરમુર સહિતના સ્ટાફે આજે આ છટકું ગોઠવ્યું હતું. અને જેમાં એક અરજદાર જેઓએ લેટર ઓફ અંડર ટ્રેકિંગ સર્ટીફીકેટ આપવા સબબ આસીસ્ટન્ટ કમિશનરની ઓફીસ,



જીએસટી કચેરી, ઘટક-૮૪, બહુમાળી ભવન, સરદાર બાગ, જુનાગઢ ખાતે અરજી કરી હતી, જે કામ કરવા બદલ તેમની પાસે લવ હજારની લાંચની માંગ કરવામાં આવી બહતી. જેથી અરજદારે એસીબીનો સંપર્ક કર્યો અને આજે તે જ કચેરીમાં જીએસટી આસીસ્ટન્ટ કમિશનર વલ્લભભાઈ ભીખાભાઈ પટેલીયા ઉ.૫૭ ને અરજદાર સાથે હેતુલક્ષી વાતચીત કરી, લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ ઝડપી લીધા હતા. આ અંગે જૂનાગઢ એસીબીએ ગુન્હો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ચારધામની યાત્રાના બહાને નિવૃત્ત ઈજનેર સાથે ઓનલાઈન રૂા.૬.૬૭ લાખની ઠગાઈ

## અતિથિ ટ્રિપ હોલિડેઝ નામની ટૂર્સ કંપનીની ખોટી ઓનલાઈન જાહેરાત મૂકી ઠગાઈ કર્યાની ફરિયાદ


**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં માલવીયાનગર વિસ્તારમાં સિંચાઈ ખાતાના નિવૃત્ત ડેપ્યુટી એન્જીનીયર સાથે ચારધામ યાત્રાના નામે રૂા.૬.૬૭ લાખની ઓનલાઈન છેતરપીંડી થયાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ચારધામ યાત્રાએ જવું હોવાથી ઓનલાઈન સર્ચ કરતાં અતિથી ટ્રીપ હોલડઝ નામની ટુર્સ કંપનીની ખોટી જાહેરાત મુકી નાણા પડાવી લીધા હોવાનું જણાવતાં પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ દૌથી હોસ્પિટલ પાસે ગુરૂપ્રસાદ સોસાયટી બેબ્લોક નંદમાં રહેતા અને ગુજરાત સિંચાઈ ન્જિનીયરના પદ ઉપરથી નિવૃત્ત થનાર પ્રદીપભાઈ ઉપેન્દ્રભાઈ રાવલ (ઉ.૬૨) એ સાઈબર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમને ચારધામ યાત્રામાં જવાનું હોવાથી તેમણે ચારધામ યાત્રાના પેકેજ માટે ઓનલાઈન સર્ચ કરતાં અતિથી ટ્રીપ હોલીડિઝ નામની ટુર્સ કંપનીની જાહેરાત જોવા મળી હતી જેમાં પ્રવિણ શર્મા નામના શખ્સનો કોન્ટેકટ થતાં તેમણે ચારધામ યાત્રાના પેકેજ માટે વ્યક્તિદીઠ રૂ.30 હજારનું જણાવતાં ફરિયાદીએ તેના પરિવાર અને મિત્ર સર્કલના મળી કુલ ૨૬ સભ્યો (રૂ.૭.૮૦ લાખ) માટે પેકેજ બુક કરાવતાં આરોપીએ એડવાન્સ પેમેન્ટ કરવાનું જણાવ્યુ હતું જેથી ફરિયાદીએ તેના વિશ્વાસમાં આવી જઈ કટકે કટકે રૂ.૬,૬૬,૯૯૯ ટ્રાન્સફર હતાં ત્યારબાદ ૨૬ વ્યક્તિની જગ્યાએ ૨૨ લોકોને જ જવાનું નક્કી થતાં તેમણે સામાવાળાને ૨૧-૯- થી ૧૦-૧૦ સુધીનું પેકેજ આપવાનું જણાવેલું હતું જેથી તેઓ ૨૧-૯ના હરિદ્વાર પહોંચ્યા હતાં. ત્યાં જઈ તપાસ કરતાં તેના નામનું કોઈ પેકેજ બુકીંગ થયેલ ન હોય જેથી- સામાવાળાનો સંપર્ક કરતાં તેણે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હોય જેથી છેતરપીંડી થયાની જાણ થતાં તેમણે સાઈબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પીઆઈએમ.એ.જણકાટે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નવી કોર્ટ બિલ્ડીંગમાં ઝેરોક્ષ મશીન હટાવવા બાબતે વકિલો દ્વારા સુત્રોચ્ચાર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની નવી કોર્ટ બિલ્ડીંગમાંથી રજીસ્ટ્રાર દ્વારા કોઇપણ પ્રકારની જાણ કર્યા વિના ઝેરોક્ષ મશીન ઉપાડી લેવાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે આ ઘટનાના વિરોધમાં વકીલો આજે કોર્ટ બહાર કાળી રીબીન ધારણ કરી સુત્રોચ્ચાર કર્યા હતા.

રાજકોટ બાર એસોસીએશનના પ્રમુખ બકુલ રાજાણીની એક યાદીમાં જણાવ્યા પ્રમાણે બાર દ્વારા એક ઠરાવ કરવામાં આવ્યો છે જેમાં જણાવાયું છે કે રાજકોટના પી.ડી.જે. દ્વારા બારમાં રહેલ ઝેરોક્ષ મશીન કોઈ સભ્યો, સ્ટાફને જાણ કર્યા વિના કે પ્રોસીઝર વિના રજીસ્ટ્રાર મારફત ઉપાડી લેવામાં આવ્યું હોય તેણે સર્વાનુમતે વખોડવામાં આવે છે આ અંગે કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનું અને જ્યાં સુધી ઝેરોક્ષ મશીન પરત સોપવાનો આદેશ ન કરે ત્યાં સુધી અચોક્કસ મુદત સુધી જુદા જુદા કાર્યક્રમો આપવાનો ઠરાવ કરવામાં આવ્યો છે જેના ભાગરૂપે આજે સવારે ૧૧ વાગ્યે કોર્ટ બહાર તમામ વકીલો કાળી રીબીન પહેરી સુત્રોચ્ચાર પોકારી ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ કરવામાં આવશે તેમજ આ સંદર્ભે યુનિટ જજને તથા ચીફ જસ્ટીસ ઓફ ગુજરાતને લેખિત જાણ કરવા પણ ઠરાવ કરવામાં આવ્યો છે.

# ૭૮ લાખના ડોલર મેળવવાની લાલચમાં યુવાને ગુમાવ્યા રૂા.૧૬ લાખ

## અમેરિકામાં મૃત્યુ પામેલા ભારતના વેપારીના વારસદાર બનાવવાનું કહી બેંકના કર્મચારીની ઓળખ આપી ઠગાઈ કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારિયા રોડ ઉપર આવેલ મોરારીનગરમાં રહેતા અને ઘર નજીક જ ઓનલાઈન ટ્રેડીંગની પેઢી ચલાવતા નીલેશભાઈ વલ્લભભાઈ પાધરા ઉ.૪૦એ નતાશા મિત્રા નામની ફેસબુક આઈડી ધારક તથા અલગ અલગ જીમેઇલ અને બેંક એકાઉન્ટ ધારકો સામે ૧૬,૧૫,૮૨૦ રૂપિયાની છેતરપીંડી અંગે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૨૭ જુલાઈના રોજ ફેસબુકમાંથી મને મેસેજ આવેલ અને આઈ હેવ સમથીંગ સ્પેશ્યલ ફોર યુ સેન્ડ ઇન્ટરેસ્ટેડ ટુ માય ઈમેઈલ આઈડી એવો મેસેજ આવતા ઈમેઈલમાં મેસેજ કરતા પોતાનું નામ સીન્થીયા હોવાનું અને અમેરિકાની એનવાયસીબી બેંકમાં ચીફ એડમીન ઓફિસર હોવાની ઓળખ આપી હતી અને પોતાના અધિકારી તરીકેના પુરાવા પણ મોકલ્યા હતા.

બાદમાં તેણીએ જણાવ્યું હતું કે મૂળ ભારતીય બિઝનેશમેન અમેરિકામાં અવસાન પામ્યા છે તેમની ૭૫ લાખ ડોલરની એફડી બેંકમાં પડી છે જે વ્યાજ સહીત ૭૮,૭૫,૮૦૦ ડોલર થાય છે તેના કોઈ વાલીવારસ નથી આ સંપતિમાં તમને વારસદાર બનાવી દઈશ આ રકમ પેટે ૬૦ ટકા મારા અને ૪૦ ટકા તમારા તેવી લાલચ આપતા મેં હા પાડી હતી બાદમાં વારસદારનું સર્ટીફીકેટ મોકલ્યું હતું તે પછી બેંક ખાતું બંધ થઈ ગયું હોય જે ચાલુ કરાવવા અને નોટરી વકીલની ફી સહિતના જુદા જુદા ખર્ચ પેટે પૈસા માંગતા મેં કટકે કટકે ૧૬,૧૫, ૮૨૦ રૂપિયા મોકલ્યા હતા તે પછી વધુ ૨૦ લાખની માંગણી કરતા મારી સાથે ફોડ થયું હોવાની શંકા જતા તેને તપાસ કરી હતી. જેથી તેની સાથે લાલચ આપી ઠગાઈ કરી હોવાનું જાણવા મળતા અંતે મેં ફરિયાદ નોંધાવી હતી ફરિયાદ અન્વયે એસીપી બી બી બસિયા સહિતે તપાસ હાથ ધરી છે.

# જેતપુરમાં ઉંડા કુવામાં અકસ્માતે પડી જતા યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર તા.૪ જેતપુરના નાજાવાળા પરા વિસ્તારમાં ન્હાવા પડેલ યુવાનનું કૂવામાં પડી જતા ડૂબી જવાથી મૃત્યુ નીપજ્યું હતું જ્યારે આ ઘટનાની જાણ પોલીસને કરાતા પોલીસ સ્થળ પર પહોંચી મૃતદેહનો કબ્જો સંભાળી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



આ બનાવની મળતી માહિતી મુજબ જેતપુરના નાજાવાળા વિસ્તાર રહેતા દિપક ભીખુભાઈ વણાલ ઉ.૨૮ નામનો યુવાન આ વિસ્તારમાં આવેલ ભાડીયા કુવા માં નાહવા પડ્યો હતો ત્યારે અકસ્માતે વધુ કૂવામાં ગરક થઈ જતા શરીરે ઇજાઓ પહોંચી હતી અને યુવાનનું ડૂબી જવાથી મૃત્યુ નીપજ્યું હતું .આ ઘટના ની જાણ સ્થાનિકોને થતા પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ફાયર બ્રિગેડ ની મદદથી મૃતદેહ ને કૂવામાંથી બહાર કાઢી મૃતદેહનો કબ્જો સંભાળી આગળની તપાસ હાથ ધરવામાં આવી હતી.

# જામવાડી જીઆઈડીસીમાં પરપ્રાંતિય પ્રૌઢનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલના જામવાડી જીઆઈડીસીમાં કારખાના પાછળ આવેલા બાવળ ની ડાળીએ ગળાફાંસો ખાઈ પરપ્રાંતિય પ્રોઢે આપઘાત કર્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ જામવાડી જીઆઈડીસીમાં આવેલા બંસીધર પૌવા નાં કારખાના પાછળ આવેલી વીડીમાં નનકુભાઈ જોગીન્દરભાઈ બૈઠા ઉ.૪૬ એ બાવળનાં ઝાડની ડાળીએ લટકી જઈ આપઘાત કર્યો હતો.

બનાવ બાદ પોલીસે તેનાં મૃતદેહ ને ફોરેન્સિક પીએમ માટે રાજકોટ ખસેડ્યો હતો. પોલીસ સુત્રો અનુસાર મુળ બિહાર નાં નનકુભાઈ ની પત્નિ બંસીધર પૌવાનાં કારખાના માં મજુરીકામ કરેછે.નનકુભાઈ ખાસ કાઈ કામ કરતો નહી.ગઈ રાત્રે તેણે પત્નિ પાસે પૈસા માંગ્યા હતા. પત્નીએ પૈસા નથી તેવુ કહેતા નનકુ ઘરેથી ચાલ્યો ગયો હતો.બાદ માં સવારે તેનો મૃતદેહ લટકતો જોવા મળ્યો હતો. મૃતક ને સંતાન માં ત્રણ દીકરા અને બે દીકરીઓ છે.બનાવ અંગે બી ડીવીઝન પોલીસે તપાસ હાથ ઘરી છે.

# મોરબી રોડ પર સ્કૂલે જતી સગીરાનું અપહરણ કરી શખ્શે હોટલમાં આચર્યુ દુષ્કર્મ

## આહિર યુવતી અને તેની ભાણેજ સામે ગંદા ઈશારા કરી છેડતી કરનાર ત્રણ સામે નોંધાયો ગુનો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે આવેલા મોરબી રોડ પર સ્કૂલે જતી સગીરાનું પટેલ શકશે કારમાં અપરણ કરી બસ સ્ટેશન પાસે આવેલી હોટલમાં લઈ જઈ તેના પર દુષ્કર્મ કર્યાની ફરિયાદ બી ડિવિઝન પોલીસમાં નોંધાતા પીઆઇ જાડેજાએ તપાસ હાથ ધરી છે.

અંગેની માહિતી મુજબ મોરબી રોડ પર રહેતા પટેલ યુવાને બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેની



પાડોશમાં અભિરામ પાર્કમાં રહેતો દિવ્યેશ જીતુ આસોદરીયા નામનો શખ્સ વિરોધ ફરિયાદ નોંધાવી છે કે તેની સગીરભાઈની પુત્રી સ્કૂલે જતી હતી ત્યારે આ શખ્સ તેની પાછળ જઈ તેણીને ગાડીમાં બેસાડી બસ સ્ટેશન પાસે આવેલી એક હોટલમાં લઈ જઈ તેની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી દુષ્કર્મમાં આ કર્યું હતું અને જો આ બાબતે કોઈને જાણ કરી છે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવતા બી ડિવિઝન પોલીસ મથકના પીઆઇ એસએમ જાડેજાએ પટેલ સક્ષ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવી જાત કરવામાં આવી છે. જ્યારે અન્ય એક બનાવમાં બેડી ગામે રહેતી 30 વર્ષીય આહીર યુવતી તેની ભાણેજ ને લઈ જતી હતી ત્યારે વેલનાથ પરા માં રહેતો સાહિલ પ્રકાશ સોલંકી તથા મહેન્દ્ર મનોજ સોલંકી અને મયુર મનોજ સોલંકી તેની સાયકલ અટકાવી તેની સામે ગંદા ઈશારા કરી બંનેના હાથ પકડી છેડતી કરી હોવાની ફરિયાદ બી ડિવિઝન પોલીસમાં નોંધાતા પીઆઇ જાડેજા સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી છેડતી કરનાર ત્રણેય શકશો સામે કાર્યવાહી યાદ કરી છે